ભાગ
૨ જો

# ઈમામની ઓળખ

## ભાગ ૨ જો

લેખક

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુન્ઝાઇ

અનુવાદક

સયરાબ અબુતુરાબી

પ્રકાશક

ખાનએ હિકમત

# ઇમામની ઓળખ

## ભાગ ૨ જો

લેખક
અલ્લામા નસીરૂદ્દીન નસીર હુન્ઝાઇ

અનુવાદક
સયરાબ અબુતુરાબી

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક
ખાનએ હિકમત

# અનુક્રમણિકા


| | |
|---|---|
| આમુખ | ૧ |
| નુર શબ્દની વ્યાખ્યા | ૬ |
| હકીકી નુર અને પાર્થિવ નુર | ૭ |
| નુરે હિદાયત અને ઝુલ્મત તથા ગુમરાહી | ૮ |
| રોશન કિતાબ | ૮ |
| નુરે મુબીન | ૯ |
| નુર અને કિતાબે મુબીન | ૧૦ |
| તૌરેતનો ઉદ્દેશ | ૧૧ |
| ઇન્જીલનો ઉદ્દેશ | ૧૧ |
| કુર્આને હકીમનો હેતુ | ૧૨ |
| અંધકાર વિરૂદ્ધ અજવાળું | ૧૪ |
| નુર અને હિદાયત | ૧૪ |
| નુર મળે તો અમરત્વ પ્રાપ્ત થાય | ૧૬ |
| રસુલ (સલ્અમ) પછી નુરની પેરવી | ૧૬ |
| નુરે ઇલાહી વિરૂદ્ધ નિષ્ફળ પ્રયાસો | ૧૭ |
| નુરની પરિપુર્ણતા | ૧૮ |
| સુર્ય અને ચંદ્રની નુરની એકતા | ૧૮ |
| અંધારાં અને નુર | ૧૯ |
| કિતાબ, પયગમ્બર, નુર | ૨૦ |
| હાદી અને નુર | ૨૦ |
| ઇમામે ઝમાનનું નુર પ્રત્યક્ષ કિતાબ છે | ૨૨ |
| કાએનાતનું નુર | ૨૩ |
| વધુ સ્પષ્ટીકરણ | ૨૪ |


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

નુરુન અલા નુર ૨૭
નુર અને અલ્લાહ તઆલાની ઇચ્છા ૨૯
જેને માટે ખુદા નુર મુકર્રર ન કરે ૨૯
તેને માટે કોઇ નુર નથી
દીનની દુનિયાના સૂર્ય અને ચંદ્ર ૩૦
કિતાબે મુનીર ૩૧
અંધકારમાંથી નુર તરફ ૩૨
પ્રકાશિત ચિરાગ ૩૩
જહાલતનો અંધકાર અને મારિફતનું અજવાળું ૩૫
અંબિયાના મોજિઝા કિતાબો અને તાવીલ ૩૬
શર્હે સદ્ર ૩૮
પૃથ્વી પોતાના પરવરદિગારના ૩૯
પ્રકાશથી ઝળહળી ઉઠશે
નુરના મહાન રહસ્યો ૪૨
નૂરાની ચમત્કાર ૪૩
મોમિન ગૃહસ્થો મોમિન સન્નારીઓ અને નુર ૪૬
મુનાફિક સ્ત્રી પુરૂષો અને નૂર ૪૭
નૂરની પ્રાપ્તિનો મહિમા ૪૮
નુર હિદાયતનું મુળ કારણ છે ૫૦
પયગમ્બર (સલ્અમ) તથા ઇમામ (અ.સ.)નું નૂર ૫૧
ખુદા, રસુલ અને નૂરે ઇમામત ૫૩
નૂર એક જીવંત ઝિક્ર ૫૬
નૂર અને રૂહાનિયત ૫૯
સુરજ અને ચંદ્ર ૬૨


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science

## બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# આમુખ

જ્યારે કે આ વાત સર્વવિદિત છે કે આ જાહેરી દુનિયાનું અજવાળું તે બાતિની વિશ્વના નૂરના પ્રતિબંબ રૂપે છે; તો અહિં અમે સૌ પ્રથમ જાહેરી અને બાતુની નૂરની કેટલાક વિશિષ્ટતાઓ વર્ણવવાનું યોગ્ય ધારીએ છીએ કે જેથી હકીકતના માર્ગના પ્રવાસીઓ તેના રૂપક પર ચિંતનમનન કરીને તેના મૂળ સ્વરૂપનો પરિચય મેળવી શકે.

શારીરિક અથવા ભૌતિક નૂર આ દુનિયામાં માત્ર એક જ છે અને તેના સિવાય પ્રકાશનું બીજું કોઇ મૂળ કેન્દ્ર હકીકતમાં છે જ નહિ અને એ જાહેરી તથા ભૌતિક પ્રકાશનું મૂળ મથક સૂરજ છે. બાકી રહયો ચંદ્ર સિતારા અને બીજા બધા પ્રકાશનાં સાધનોનો સવાલ: તો એ પણ મૂળમાં તો સૂર્યમાંથી જ ઉત્પન્ન થયેલાં છે અને આ દુનિયામાં એવી કોઇ ભૌતિક વસ્તુ નથી જે સૂરજ સિવાય બીજી કોઇ શક્તિથી પ્રકાશ પ્રાણ તત્વ કે ચૈતન મેળવી શકતી હોય ભૌતિક નૂર યાને સૂરજનો ગુણ માત્ર એટલો જ નથી, બલ્કે એ તો હકીકતમાં અલ્લાહતઆલાનું એવું કુદરતમય કાર્યકેન્દ્ર છે જેના વડે જ આ વિશાળ કાયનાતમાં સૂર્યમંડળ, અને તારાવિશ્વોને જીવન મળતું રહે છે અને એ બધી દુનિયાઓમાં ભૌતિક રીતે જે કંઇ છે તે બધું જ એ નૂરના વસીલાથી જ અસ્તિત્વમાં છે.

એ જ પ્રમાણે રૂહાની નૂર પણ દીની વિશ્વ તથા હકીકતથી સૃષ્ટિમાં અનાદિ કાળથી એક જ છે જેની મારફતે અલ્લાહતઆલાના

સમસ્ત ગુણકર્મો પ્રગટ થતાં રહે છે અને રૂહાનીયતના જગતની વસ્તુમાત્ર એ જ પરિપૂર્ણ નૂર દ્વારા ઉત્પન્ન થયેલી છે. દા.ત. નૂર દ્વારા જ હક તઆલાનો પવિત્ર આદેશ ઉતરતો રહે છે. નૂરથી ખુદાવંદતઆલાની હિદાયત જારી રહે છે. નુરનું એક ખાસ સ્વરૂપ અક્કલ અને ઇલ્મ છે નુરને જ દિવ્ય દ્રષ્ટિ કહેવામાં આવે છે. નુરમાં જ હઝરતે રબ્બુલ ઇઝ્ઝતના રહસ્યો અને પરિચયનો પ્રકાશ મોજુદ છે. નુરથી ચમત્કારો સર્જાય છે અને નૂરને જ આત્માઓનો આત્મા તથા અકલે કામીલ અથવા અર્શ કુરસી કહેવામાં આવે છે. નુરને જ કિતાબે મુનીર અને તાવીલે નુરાની કહેવામાં આવે છે. નુરનું જ એક બીજું નામ આલમે ઉલવી અને બહેસ્તે હકીકી છે. નુરમાં જ બધી ચીજો મોજુદ અને મર્યાદીત છે. અને એ જ નુરે મુતલક સર્વ કંઇ છે.

ઉપરોકત હકીકતોથી જાહેર થયું કે બ્રહ્માંડમાં જીસ્માની નુરની બાદશાહી છે અને નફ્સમાં રૂહાની નુરની સલતનત છે. તો આવો, હવે આપણે કુર્આનની દુનીયાના સૂરજને જોઇએ. હઝરત ઇમામે આલી મકામે અ.સ. ફરમાવેલ છે કે કુર્આની ઇલ્મની દુનિયાના સુરજ તે "આય એ મિસ્બાહ", ચાંદ તે "આય એ સિરાજ", અને સિતારા તે બીજી આયાતે નુર છે. અને એ હકીકત જાણવી જરૂરી છે કે આ બધી નુરાની આયતો પોતાના અર્થોના સબંધે કરીને આયએ મિસ્બાહની સાથે એવી રીતે સંકળાયલી છે કે જેવી રીતે સિતારા અને ચાંદ પ્રકાશની પરંપરામાં સુરજની સાથે સંકળાયેલા છે. દાખલા તરીકે રાતના વખતે જ્યારે ચમકતો ચાંદ અને ટમટમતા સિતારા દેખાય છે તો માણસો એમ ધારે છે કે ચાંદ અને તારાની આ રોશની તેઓની પોતાની છે. પરંતુ જાણકાર લોકો સમજે છે કે એની હકીકત

કંઇ બીજી જ છે. અને તે એ છે કે અગર આપણે રાતના વખતે હમણાં જ ચંદ્ર અને સિતારાઓની પ્રકાશિત દુનિયામાંથી કોઇ એક ગ્રહ પર પહોંચી જાઇએ તો એ સ્થળે રાત નહિ બલ્કે દિવસનો કોઇ સમય હશે અને ત્યાંથી સુરજ પણ પ્રકાશતો જોઇ શકાશે. આનો અર્થ એ થયો કે ચંદ્ર અને બધા જ સિતારાઓ, સૂર્ય પાસેથી જ પ્રકાશ મેળવે છે.

બિલ્કુલ એવી જ રીતે, જ્યારે આપણે આયાતે નુરનું અવલોકન કરીએ તો તત્કાળ આપણને તેના નુરાની અર્થ નિરૂપણમાં અમર્યાદ નુરની સમજણ પડી શકે છે. યાને એવું લાગે છે કે જાણે આકાશી કિતાબો, પવિત્ર નબીઓ તથા અઇમ્મા—ઇમામો (એ બધા પર ખુદાના અતિશયથી અતિશય દરૂદો અને સલામો હોજો) તેમ જ દીનના બુઝુર્ગો વગેરે વિવિધ સ્વરૂપે નુરનાં કિરણો છે પરંતુ જ્યારે ઊંડાણથી ચિંતનમનન સંશોધન અને વિચારણા પછી હકીકી મોમિનની વિચાર શક્તિ એ બધી આયતોની પરમાર્થિક ઉચ્ચતા પર પહોંચી જાય છે તો ત્યાં શંકા કુશંકાઓની રાત ખતમ થઇ જાય છે અને યકીને કામિલ (પરિપુર્ણ શ્રદ્ધા)નો દિવસ નજરે પડે છે યાને કે મારિફતની પ્રાપ્તિ પછી માલુમ પડે છે કે દીની ચંદ્ર અને સિતારાઓ, સુરજનો જ પ્રકાશ છે.

જેમ કે નુરની એક આયત છે કે "નુરૂ હુમ" તેઓનું (અર્થાત મોમિનોનું) નુર, તો એના જાહેરી અર્થમાં તો અલબત એવું અનુમાન થાય છે કે મોમિનોનું એ નુર ખુદાના પરિપુર્ણ પ્રકાશથી અલગ, કોઇ વ્યક્તિગત નુર હશે જેવી રીતે કે રાતના વખતે ચમકતા અને ટમટમતા સિતારા સંબંધે એવું અનુમાન

જાય છે કે એ રોશની તેઓની પોતાની અને સ્વઉપાર્જિત છે. પરંતુ હકીકતમાં એવું નથી. બલ્કે રોશનીના એ અફાટ મહા-સાગરનું એક માત્ર ભંડોળ અને મુળ કેન્દ્ર સુરજ જ છે

આ જ દ્રષ્ટાંત એ જ નુરનું છે કે જે દીનની દુનિયાના ચાંદ સુરજ પર આરોપિત કરવામાં આવેલ છે. કે જ્યારે કોઇ હકીકી મોમન રૂહાની રીતે પોતાની બાતુની રોશનીની સર્વોચ્ચતાને આંબી જઇને અનુભુતી કરે છે તો માલુમ પડે છે કે મોમનનું આ નુર પણ એ જ પરિપુર્ણ નુર છે જેનો ઉલ્લેખ આયએ મિસ્બાહમાં મોજુદ છે જેમાં ફરમાવવામાં આવ્યું કે; અલ્લાહ જ આસ્માનો અને જમીનનું નુર છે.

આનો અર્થ એ થયો કે સૃષ્ટિ અને વ્યષ્ટિના બાતિનને માટે એક એવું એક માત્ર સર્વસમાવિષ્ટ પરિપુર્ણ સર્વગ્રાહી નુર સદાકાળ અને સર્વસ્થળે હાજરનાજર હોય છે કે તેના હોવા પછી કોઇ બીજા નુરની જરૂર જ નથી પડતી તેમ ન તેનામાં દ્વૈતભાવની કોઇ જગ્યા છે.

ઉપરોક્ત દ્રષ્ટાંતો તથા સાબિતીઓ ઉપરથી એ વાત દીવા જેવી સ્પષ્ટ થઇ ગઇ છે પિંડ બ્રહ્માંડમાં તથા કુર્આનની દુનિયાનું જે નુર છે તેનો દરજ્જો સૌથી ઉચ્ચ તેનો મહિમા સૌથી વધારે અને તેનું અસ્તિત્વ અત્યંત જરૂરી છે. તેથી હવે એવું કેમ સંભવિત હોઇ શકે કે, દરેક સૃષ્ટિમાં તેના ગુણકર્મો અને જરૂરિયાતો અનુસાર એ નુર મોજુદ હોય અને માનવસૃષ્ટિમાં તે નુરનું કોઇ મર્કઝ મોજુદ ન હોય! અગર એવું હોત તો તો રબ્બુલ આલમીનના અર્થમાં એક ખાસ વસ્તુની ઉણપ રહી જાત કે ખુદાવંદતઆલા પોતાની દરેક સૃષ્ટિનું પાલન પોષણ તો કરે

છે પરંતુ માનવસૃષ્ટિ અને ઇન્સાની અકલ તથા રૂહની હિદાયત તથા ઇલ્મી પરવરિશ એવી રીતે નથી કરતો જેવી કે કરવી જોઇએ !!!

ચોક્ખી વાત છે કે એવું અસંભવિત છે. ખુદાની ઝાત પર એવો આરોપ થઇ શકતો જ નથી. કે જે ખુદાની રેહમત તથા હિદાયતથી સદંતર વિરૂદ્ધ હોય. બલ્કે એ નુર, હઝરતે ઇમામે બરહક સલવાતુલ્લાહે અલયહિ તરીકે માનવ સ્વરૂપમાં મોજુદ અને હાજર હોય છે.

ઇમામે બરહક (અલયહિસ્સલામ) નુરે મુતલકનો દરજ્જો ધરાવે છે અને નુરે ઇલાહીના મઝ્હર છે આથી એ વાત પણ આવશ્યક થઇ પડે છે કે આયાતે નુરની કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે કે જેથી એ બધી પવિત્ર આયતોને એકત્ર કરીને અભ્યાસ કરી શકાય અને તેના પ્રકાશમાં ઇમામ શનાશીની હકીકતો દરેક મોમિનને માટે આસાની અને સરળતાથી સમજમાં આવી શકે. ઇન્શા અલ્લાહુ તઆલા.

ફકત નાચીઝ સેવક

**નસીરૂદ્દીન નસીર હુન્ઝાઇ**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# નુર શબ્દની વ્યાખ્યા

અલ્લાહતઆલાની એ મહાન હિકમત પર અતિશય મનન કરો કે નુર શબ્દ કુઆને હકીમમાં કુલ્લ ૪૯ ઓગણપચાસ વખત આવ્યો છે જ્યારે કે આલે નબી ઔલાદે અલી અલયહિસ્સલામની પવિત્ર પરંપરામાં પ્રગટ થયેલા આપણા વર્તમાન ઇમામ હઝરત નુર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામ સલવાતુલ્લાહિ અલયહિ વસ્સલામ પણ ઓગણપચાસમાં ઇમામ છે. તો ખુદાની હિકમત અને કુદરતમાં એ કંઇ અશક્ય નથી કે, કુર્આનમાં ૪૯ વખત આવેલા શબ્દ નુરની એ સંખ્યા પાછળ એવી ભવિષ્યવાણી છુપાયેલી હોય કે નુરે ઇમામતના ૪૯ મા જેમાનાં મુબારક જમાનામાં બાતિની તથા જાહેરી હિકમતથી ઇમામતના નુર વડે દીન પણ રોશન થશે અને દુનિયા પણ. કેમકે વર્તમાન ઇમામે ઝમાન અલયહિસ્સલામના જમાનામાં ખાસ કરીને અણુયુગનો આરંભ થયો અવકાશ પ્રવાસના માર્ગે ઇન્સાને પ્રગતિ કરી ચંદ્ર પર ઉતરાણ કર્યું—એ એંધાણ પણ સુચક છે,

જ્યારે આયાતે નુરની પેરૌનઆઇથી એ ખાતરી થઇ ગઇ કે હવે અલ્લાહતઆલાના ફઝલોકરમથી જાહેરી અને બાતુની બન્ને દ્રષ્ટિએ રોશનીની જ બોલબોલા થવા લાગી છે : તો પછી આવો આપણે હઝરત પીર સૈયદના નાસિર ખુસરવ કદસલ્લાહ સિર્રહુની હિકમત-સભર તાલીમને અજવાળે પ્રસ્તુત ઓગણપચાસ આયતો પર કંઇક વિવેચન કરીએ જેમાં પ્રગટ રીતે નુરે ઇમામતનો ઉલ્લેખ મોજુદ છે.

ISWF Institute for Spiritual Wisdom and Luminous Science — knowledge for a united humanity

## હકીકી નૂર અને પાર્થિવ નૂર

બકરહ – ૨ – આયત ૧૭માં હકીકી નૂર અને પાર્થિવ નૂર અર્થાત અસલી અને નકલી હિદાયત વચ્ચેના ફરક વિષે દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે તેનો વિસ્તૃત ખુલાસો એ છે કે રાતના અંધકારમાં બે મુસાફર અલગ અલગ કોઇ દૂર દરાજની સફરને માટે નીકળી પડયા; તેમાંથી એકના હાથમાં એક એવી અદભુત ચમત્કારિક ટોર્ચ છે કે તેને ન કોઇ હવા બુઝાવી શકે છે તેમ ન કોઇ વરસાદ ઠારી શકે છે. બીજા મુસાફર પાસે ફકત માચીસની એક ડબ્બી છે. હવે ટોર્ચવાળો બહુ નિરાંતે મંઝિલે મકસુદ તરફ આગળ વધતો જાય છે ને છેવટે ત્યાં પહોંચી જાય છે. બીજો માણસ અજવાળાને અભાવે આગળ વધી શકતો નથી અને અંધકારમાં અથડાતો કુટાતો છેવટે એક વેરાન વગડામાં આગ જલાવે છે અને ઇચ્છે છે કે તેની રોશનીમાં થોડો ઘણો પ્રવાસ આગળ વધારે પરંતુ એક જ જગ્યાએ સળગતી રહેતી આગનું અજવાળું કયાં સુધી રોશની આપી શકે? છેવટે એ આગ પણ બુઝાઇ જાય છે અને તે મુસાફર અંધારી રાતમાં પડયો રહે છે.

આ દ્રષ્ટાંતની તાવીલ એ છે કે મુકિતમાર્ગના પ્રવાસીઓને માટે હયાત ને હાજરનાજર ઇમામની મારિફત તથા નૂર જ અદભુત ચમત્કારિક ટોર્ચ છે જેને વિરૂદ્ધતા તથા દુશ્મનીની કોઇ હવા કે ઝંઝાવાત, સ્થળકાળના કોઇ થપેડા તેનો પ્રકાશ ઓલવી શકતાં નથી. કેમકે એ અતિ પવિત્ર નુર, ખુદાએ કાદર અર્થાત સર્વ શકિતમાન પાક પરવરદિગાર તથા તેના સાચા રસૂલ (સલ્અમ)નું આદિ અનાદિ સિદ્ધ નુર છે, જે દરેક આસ્માની કિતાબ તથા દરેક પયગમ્બરની સાથે મૌજુદ હતું અને આં હઝરત સલ્અમ પછી પણ તેની જ્યોત એ જ શાન અને પ્રતિભા સહિત સદા–

કાળને માટે કાયમ ને અવિચલ રહેવાની છે. તેની રોશનીમાં જ સિરાતિમ્મુસ્તકીમની હિદાયત હાસિલ થઇ શકે છે. એ હકીકી નુર પછી હિદાયતની પ્રાપ્તિ માટે જે પ્રયાસો કરવામાં આવ્યા છે તેનું રૂપક ઉપરોકત આયતમાં હિકમતની પરિભાષામાં બયાન કરવામાં આવ્યું છે.

## નુરે હિદાયત અને ઝુલ્મત તથા ગુમરાહી

અલ બકરહ – ૨ – આયત ૨૫૭માં હઝરતે અહદિયતનો જે ઇર્શાદ છે તેનો સારાંશ એ છે કે અગર એક તરફ દુનિયામાં ગુમરાહી અને અંધકાર હમેશ માટે છે તો બીજી તરફ હિદાયતનું નુર પણ હમેશને માટે સદા સદોદિત કાયમ દાયમ છે. અગર એવું ન હોય અને દુનિયામાં સદાકાળ કુફ્ર અને ઝુલ્મતનાં કાળાં વાદળાં જ છવાયેલાં રહે અને હિદાયતનો કોઇ સુરજ મોજુદ ન હોય તો એ કુદરતના કાનુન તથા ન્યાય તંત્રનો જગતવાસીઓ ઉપર મોટો અન્યાય અને અત્યાચાર કહેવાય.

## રોશન કિતાબ

આલે ઇમરાન ૩ – આયત ૧૮૪ માં નુરનો ઉલ્લેખ "અલ કિતાબુલ મુનીર" યાને રોશન કિતાબની ઉપમા વડે કરવામાં આવ્યો છે જેનો અર્થ એ છે કે હકીકી અને રૂહાની કિતાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુતઆલા અલયહિ વ આલેહિ વસલ્લમ તથા ઇમામે બરહક અલયહિસ્સલામના નુરે વાહેદ (એકત્ર નુર) તરીકે છે; જે કિતાબે નાતિક યાને આપમેળે બોલી રહેલી કિતાબ છે. એ રોશન કિતાબ યાને ઇન્સાને કામિલના નુરને તાવીલ અથવા હિકમતના નામે પણ ઓળખવામાં આવે છે. (જુઓ કિતાબ "વજહુદ્દીન" ભાગ ૧ લો પાનું ૬૪/૬૫) તાવીલને રોશન કિતાબ એ અર્થમાં કહેવામાં આવેલ છે કે તે રૂહાનિયતના

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

સર્વોચ્ચ રહસ્યોના સ્થાન પર અનુભુતી અને સાક્ષીભાવ સ્વરૂપે સૃષ્ટિ તથા સમર્નિાં રહસ્યો પ્રગટ કરીને બતાવે છે બીજા શબ્દોમાં કહીએ, તો એ જ નુર જે હઝરત ઇમામે આલી સિફાત (અલય-હિસ્સલામ)ની પવિત્ર ઝાતમાં ઝળહળિત છે તે જ કુર્આને પાકનો અને બોલતી કિતાબનો પ્રાણ છે જેમાં કુર્આને હકીમની અમલી તાવીલની એક જીવતી જાગતી વિશાળ દુનિયા વિસ્તાર પામી રહી છે. આપણા મહાન પીરો તથા બુઝુર્ગોએ ઇમામે વકતની ચીંધેલી શિખામણો, ઇબાદતો તથા સાધનાઓ દ્વારા પોતાના દિલ અને દિમાગમાં તે રોશન કિતાબના અજવાળાં ઝીલ્યાં હતાં અને તે દ્વારા જ તેઓને બન્ને દુનિયાની જીવંત હકીકતોનું જ્ઞાન થયું હતું.

## નુરે મુબીન

અન્નિસાઅ – ૪ – આયત ૧૭૫માં નુરે મુબીનનો શબ્દ આવેલો છે જેના બે અર્થ થાય છે. એક તો જાહેર નુર અને બીજાનો અર્થ થાય છે બોલવાવાળું નુર. પ્રસ્તુત આયતમાં આ બન્ને અર્થો યથા યોગ્ય રીતે સમાયેલા છે, જેમકે સુરહ ઝુખરૂફની આયત ૧૮ માં મુબીનનો શબ્દ બોલનારના અર્થમાં લેવામાં આવ્યો છે. તો ફલિત થયું કે ઇમામે અતહર અલયહિસ્સલામનું પવિત્ર નુર શારીરિક સ્વરૂપે તો જાહેર છે જ પરંતુ એ નુર નાતિક અર્થાત બોલવાવાળું પણ છે. એટલું જ નહિ પણ સાથોસાથ તે રૂહાની દશામાં પણ દૈવી પ્રગટીકરણ ફરમાવે છે અને વાણી પણ પ્રગટ કરે છે.

ઉપરોકત આયતે કરીમામાં ખુદાવંદી ઇર્શાદ છે કે હે લોકો ખચિત તમારા પરવરદિગાર તરફથી એક દલીલ આવી ચૂકી છે

અને અમે તમારી તરફ એક જાહેર નુર નાઝિલ કરી ચૂકયા છીએ.

તો અહિં નબુવ્વતની પદવીને દલીલ અને ઇમામતની મન્સબને જાહેર નુરની ઉપમા આપવામાં આવી છે. અગર કોઇ માણસ એમ કહે કે એ "દલીલ"નો ભાવાર્થ તો કુર્આને મજીદ છે અને નુરે મુબીન તે રસૂલ કરીમ (સલ્અમ) છે તો એનાથી પણ પરિણામે છેવટે એ જ હકીકત સાબિત થશે કે અલ્લાહ–તઆલાનું નુર બુઝાવાનું નથી તેથી એ આં હઝરત સલ્અમની આલમાં ઇમામતની પરંપરામાં પ્રગટ થતું રહ્યું છે અને આજે પણ હયાત–કાયમ ઇમામે ઝમાન (અ.સ.)નાં પવિત્ર જામામાં પ્રકાશી રહ્યું છે ને પ્રકાશતું રહેવાનું છે.

## નુર અને કિતાબે મુબીન

અલ માએદાની આયત ૧૫–૧૬માં પયગમ્બર તથા ઇમામ (અલયહિમુસ્સલામ)ને એક જ નુર ગણાવવામાં આવ્યા છે અને કુર્આનને જાહેર કિતાબ (કિતાબે મુબીન) કહેવામાં આવેલ છે. અહિં કદાચ એ સવાલ થાય કે કયારેક નુરને તો કયારેક કિતાબને "મુબીન" શા માટે કહેવામાં આવેલ છે? તો તેનો જવાબ એ છે કે નુર અને કુર્આન, બન્નેની વિશિષ્ઠતા એ છે કે જેનું એક સ્વરૂપ જાહેર છે અને બીજું સ્વરૂપ બાતિન છે. યાને કે નુરનું વ્યકિતત્વ અને કુર્આનની તન્ઝીલ જાહેર છે પરંતુ નુરની રૂહાનિયત અને કુર્આનની તાવીલ બાતીનમાં છે. તો જ્યાં નુરના અજવાળામાં કુર્આનેની હિકમતનું નિરીક્ષણ કરવાની તાલીમ આપવામાં આવી છે, ત્યાં વ્યકિત સ્વરૂપે નુરને જાહેર કરવામાં આવ્યું છે તો બીજી તરફ જ્યાં કુર્આનની મદદથી ઇમામતની

મારિફત પ્રાપ્ત કરવાની તાકીદ કરવામાં આવી છે ત્યાં તન્ઝીલની દ્રષ્ટિએ કિતાબને જાહેર કરવામાં આવી છે.

## તૌરેતનો ઉદ્દેશ

અલ માએદાની આયત ૪૪માં અલ્લાહતઆલાનો ઇર્શાદ છે કે "ખચિત અમે તૌરેત નાઝિલ કરી. જેમાં હિદાયત અને નૂર છે."

અંબિયા કે જે અલ્લાહતઆલાના તાબેદાર હતા. તેઓ યહુદીઓને તદાનુસાર હુકમ આપતા રહેતા હતા અને એ જ રીતે એહલુલ્લાહ (અલ્લાહવાળાઓ) તથા જ્ઞાની જનો પણ હુકમ કરતા રહેતા હતા. જેઓને અલ્લાહે કિતાબનું સંરક્ષણ સોંપ્યું હતું અને તેઓ એના ગવાહ હતા.

પ્રસ્તુત આયતે કરીમા ઉપરથી સાફ જાહેર થાય છે કે તૌરેતનો ઉદ્દેશ હિદાયત તથા નૂરના પ્રસારણનો હતો. યાને તૌરેતનું કામ નૂરે મારિફતનો માર્ગ તથા ઇમામે ઝમાનની સાચી શનાખત બતાવવાનું હતું.

વળી આ આયત ઉપરથી એમ પણ સમજાય છે કે ખુદા તરફથી અંબિયા (અલયહિમુસ્સલામ) ઓલિયા તથા જ્ઞાની જનોની નિમણુંક કરવાનો ઉદ્દેશ પણ એ જ હતો કે તેઓ લોકોને તૌરેતની હિદાયત મુજબ હુકમ કરતા રહે. કે જેથી એ હિદાયત પર અમલ કર્યા પછી તેઓ નૂરની મારિફત સુધી પહોંચી જાય.

## ઇન્જીલનો ઉદ્દેશ

અલ માએદાની આયત ૪૬માં ખુદાવંદી ઇર્શાદ છે કે: અને અમે ઇસાને ઇન્જીલ આપી જેમાં હિદાયત અને નુર છે

અને તે પોતાની પહેલાંની યાને તૌરેતની સચ્ચાઇની શાહેદી આપે છે તેમ જ પરહેઝગારોને માટે હિદાયત અને નસીહત છે.

આ આયત પરથી માલુમ પડયું કે જે વિષય અને ઉદ્દેશ તૌરેતનો હતો એ જ ઇન્જીલનો પણ છે અને તે એ કે લોકોને એવા વાણી–વર્તનની હિદાયત તથા તાલીમ આપવામાં આવે કે જેથી નુરે ઇમામતની અનુભુતી કરીને મારિફત પ્રાપ્ત કરી શકે.

આ આયતના છેવટના ભાગમાં હકતઆલાનું એમ ફરમાવવું, કે ઇન્જીલ, પરહેઝગારોને માટે હિદાયત અને નસીહત છે, તે એ વાતની રોશન દલીલ છે કે ઇન્જીલની હિદાયત તથા નસીહત પર ફકત એ જ લોકો અમલ કરવાવાળા હતા જેઓ બધી જ મનોકામનાઓ તથા દુન્યવી લોભ લાલચથી દૂર રહેવાવાળા હતા, કે જેથી હિદાયત દ્વારા નુરે ઇમામતનું દર્શન કરી શકે ને તેને ઓળખી શકે સારાંશ કે બધી જ આસ્માની કિતાબોનો ઉદ્દેશ એ જ હોય છે.

## કુર્આને હકીમનો હેતુ

અલ માએદાની આયત ૪૭માં રબ્બુલ ઇઝઝતનું ફરમાન છે કે અને અમે આ કિતાબ તમારી પાંસે મોકલી છે જે સ્વયં સચ્ચાઇથી ભરપૂર છે અને તેની પહેલાંની કિતાબોની ગવાહી આપે છે અને એ કિતાબોની સંરક્ષક પણ છે તો (હે રસૂલ) તમે તેઓની વચ્ચે એ જ મોકલાવાયેલી કિતાબો પ્રમાણે હુકમ કરો.

હવે અહિં સવાલ એ થાય છે કે કુર્આન કેવી રીતે પૂર્વની કિતાબોની તસ્દીક કરે છે અને કેવા અર્થમાં તેનું સંરક્ષક છે?

તેનો જવાબ એ છે કે પૂર્વેની આકાશી કિતાબોનો જે ઉદ્દેશ હતો એ જ ઉદ્દેશ કુર્આને કરીમનો છે તેથી કુર્આને પાકના મૂળભૂત સિદ્ધાંતોનું શિક્ષણ પણ એ જ છે જે તૌરેત, ઝબૂર, ઇન્જીલ, વગેરેનું હતું. એ જ રીતે કુર્આનશરીફે પુર્વની આસ્માની કિતાબોની એવી અમલી તસ્દીક કરી કે જેનાથી વધારે બીજી તસ્દીક હોઇ જ નથી શકતી.

હવે પ્રશ્ન એ કે કુર્આન કયા અર્થમાં પુર્વની આકાશી કિતાબોનું સંરક્ષક છે? તો જાણવું જોઇએ કે પુર્વેની આકાશી કિતાબોમાં જે સત્યો અને મુલ્યોનું પ્રકાશન કરવામાં આવ્યું છે એ બધાં જ કુર્આને પાકના જાહેર તથા બાતિનમાં સુરક્ષિત છે. આમ એ બન્ને રીતે કુર્આને પાક, પુર્વની આકાશી કિતાબોની તસ્દીક કરે છે અને તેનું સંરક્ષક પણ છે.

તાત્પર્ય કે જે રીતે તૌરેત અને ઇન્જીલની હિદાયતનો પ્રાણ નુર તરફની દાવત છે એ જ રીતે કુર્આનનો મુખ્ય પ્રાણ સમ ઉદ્દેશ પણ હિદાયત અને નુર છે. જેમકે સુરહ નુર ૩૫ આયતના એ ફરમાને ઇલાહી પર ઊંડાણથી ચિંતન મનન કરો, કે જેમાં ફરમાવવામાં આવ્યું કે હકતઆલા જેને ચાહે છે તેને પોતાના નુર તરફ હિદાયત કરે છે. યાને ખુદાવંદતઆલા જેને ચાહે તેને કુર્આન, પયગમ્બર અને ઇમામે ઝમાના (અલયહિમુસ્સલામ)ના વસીલાથી પોતાના સત્ય અને પવિત્ર નુરની શનાખત કરાવે છે. કેમકે એ જ પવિત્ર બુઝુર્ગો ખુદાવંદી ઇચ્છા તથા હિદાયતના માધ્યમો છે, સારાંશ કે તૌરેત અને ઇન્જીલની માફક કુર્આન મજીદનો મૂળ મકસદ પણ હિદાયત અને નુર જ છે.

## અંધકાર વિરૂદ્ધ અજવાળું

અલ અન્આમની આયત નં. ૧માં ઇર્શાદ છે કે બધી જ પ્રશંસા અલ્લાહને જ ઘટિત છે જેણે આસ્માનો અને ધરતીની ઉત્પતિ કરી અને અંધકાર તેમજ નુરનું સર્જન કર્યું. એમ છતાં કાફર લોકો પરવરદિગારનો કોઇ ભાગીદાર હોય એવું માને છે.

આ પવિત્ર આયતમાં અલ્લાહતઆલાની પ્રશંસા એ બીના પર કરવામાં આવી કે તેણે આકાશો અને તેની નીચે પૃથ્વીનું સર્જન કર્યું અને અંધારાં તથા તેની વિરૂદ્ધમાં નુરનું સર્જન કર્યું જેનો અર્થ એ થયો કે અલ્લાહતબારક વ તઆલાએ આલમે દીન (ધર્મનું વિશ્વ) પેદા કર્યું જે આ જાહેરી સૃષ્ટિની પેઠે પોતાની અંદર આકાશ પ્રથ્વી અંધકાર અને પ્રકાશ ધરાવે છે અને નુરનો એ મહિમા છે કે અગર તે ન હોય તો આલમે દીન નષ્ટભ્રષ્ટ થઇ જાય. જેમ કે એ વાત સર્વવિદિત છે કે અગર ભૌતિક જગતમાં ભૌતિક સૂરજ ન હોય તો દુનિયાનું બધું તંત્ર વેરવિખેર અને નષ્ટ થઇ જાય કેમકે સમસ્ત સૃષ્ટિના જીવનનો આધાર સૂરજ છે. બરાબર એજ રીતે આલમે દીનના ચેતન અને જીવનનો દારોમદાર નુરે ઇમામત પર છે જે રૂહાની જગતના સૂર્ય છે.

## નુર અને હિદાયત

અલ અન્આમની આયત ૯૧માં ફરમાવવામાં આવ્યું કે: અને તેઓએ અલ્લાહતઆલાની (કુદરત તથા શક્તિની) કદર ન કરી જેવી કે કરવી જોઇએ; જ્યારે કે તેઓએ કહ્યું; કે અલ્લાહ તઆલાએ કોઇ ઇન્સાન પર કોઇ ચીઝ નાઝિલ નથી કરી. તો

આપ કહી દો કે એ કિતાબ કોણે નાઝિલ કરી હતી? જે મૂસા લઇ આવ્યા હતા? જેનો મહિમા એ છે કે તે એક નુર છે અને લોકોને માટે હિદાયત છે જેને તમે પાને પાને ફેલાવતા રહો છો (યાને તુરાની સ્વરૂપમાંથી બદલાવીને તેને તમે અક્ષરબધ્ધ કરતા રહ્યા છો) અને ઘણીબધી વાતો છુપાવતા રહો છો.

આ આયતે કરીમામાં આસ્માની કિતાબ રૂપી જીવંત રૂહના બારામાં ઘણી બધી હકીકતો અને હિકમતો છુપાયેલા છે જેને સમજવા માટે વહી તથા ઇલ્હામની હકીકતોથી પરિચિત થવું જરૂર છે. તો વહી અને તન્ઝીલ એક ઇલ્મી નૂર અને એક જીવંત રૂહના સ્વરૂપ છે જેને રૂહુલ કુદ્સ અથવા રૂહુલ અમીનનું અવતરણ પણ કહેવામાં આવે છે. વળી અક્લ અને ડહાપણનો રૂહ કે જે અપરંપાર ચમત્કારો કરામતો અને મોજિઝાથી ભરપુર છે તે હકીકતી મોમિનોની દ્રષ્ટિએ આસ્માની કિતાબ છે. અને તેજ પયગમ્બરની પવિત્ર ઝબાન તથા કાતિબની કલમમાંથી ઉતરીને કાગળ પર અક્ષર સ્વરૂપે ઉપસતી રહે છે.

યાદ રહે કે આસ્માની કિતાબ લખાણ સ્વરૂપે આવ્યા પછી પણ જરાય વધઘટ વગર પોતાના અસલી સ્વરૂપ, પયગમ્બર (સલ્અમ) તથા ઇમામે આલી મકામ અલયહિસ્સલામની અમર્યાદ મહિમાવંત રૂહાનિયતમાં હમેશાને માટે કાયમ જ રહે છે અને એ જ કિતાબને ઇમામ અલયહિસ્સલામનું જીવંત નૂર અને હકીકી હિદાયત કહેવામાં આવે છે.

જાણવું જોઇએ કે બાતિની કિતાબનો ઉદ્દેશ પહેલાં નૂર અને પછી હિદાયત છે અને જાહેરી કિતાબનો વિષય પહેલાં હિદાયત ને એ પછી નૂર (તરફ લઇ જવાનો) છે. આનો અર્થ એ

થયો કે ઇમામ અલયહિસ્સલામના પવિત્ર નૂર વડે કુર્આનનાં સત્યો તથા મૂલ્યોનો માર્ગ મળી આવે છે અને કુર્આનની જ્ઞાન ભરિત હિદાયત દ્વારા ઇમામ (અલયહિસ્સલામ)ના નૂરની મારિફત પ્રાપ્ત થઇ શકે છે.

## નુર મળે તો અમરત્વ પ્રાપ્ત થાય

અલ અન્આમની આયત ૧૨૨માં પાક પરવરદિગારે ફરમાવ્યું કે, એવા માણસ જે પહેલાં મરેલો હતો પછી અમે તેને જીવતો કર્યો અને અમે તેને એવું નૂર આપ્યું કે જે વડે તે લોકોમાં હરતો ફરતો રહે છે. શું એ માણસ કોઇ એવા શખ્સ જેવો હોઇ શકે જે અંધારામાં આથડતો ફરતો હોય અને તેમાંથી નીકળી જ ન શકતો હોય?

આ પવિત્ર આયતની હિકમત એવી છે કે મરેલાનો ભાવાર્થ જાહેલ છે, તેને જીવતો કરવાની તાવીલ તેને ઇલ્મ તથા હિકમતથી વિભુષિત કરવાની છે તેને માટે નુર મુકર્રર કરવાનો ભાવાર્થ ઇમામે બરહકની મારિફત તથા નુરની પ્રાપ્તિ અને નુર મારફતે લોકોમાં હરવા ફરવાનો ભાવાર્થ અમરત્વની પ્રાપ્તિ અને લોકોની રૂહાનિયતમાં પ્રવેશ કરવાની શક્તિની પ્રાપ્તિ વગેરે છે.

## રસુલ (સલ્અમ) પછી નુરની પેરવી

અલ એઅરાફની આયત ૧૫૭માં ઇર્શાદ છે કે: જે લોકો આ નબી પર ઇમાન લઇ આવ્યા અને તેનું સમર્થન કરે છે ને તેને મદદ કરે છે અને એ (નબી) સાથે ઊતારવામાં આવેલા નુરનું અનુસરણ કરે છે. એ લોકો જ ભલાઇ પામવાવાળા છે.

આ પવિત્ર આયતની હિકમત એ છે કે મોમિનો રસૂલે અકરમ સલ્અમ પર ઇમાન લાવવાની સાથોસાથ કુર્આનમજીદ પર પણ ઇમાન લાવે છે (કેમકે રિસાલત કુર્આનના જ સ્વરૂપમાં છે અને તેનાથી જરાય અલગ નથી હોતી). બાકી રહ્યો સવાલ એ નુરનો જેની મોમિનોએ પયરવી કરી; તો એ ઇમામતનું જ નુર છે. કેમકે ઇસ્લામી યુગના બે વિભાગ છે. જેમાં પહેલો તો નબવી જમાનો છે જેનો સંબંધ મોટે ભાગે તન્ઝીલી (વહીની) બાબતો સાથે છે. બીજા ભાગમાં ઇમામતનો યુગ છે જેમાં મોટે ભાગે તાવીલી બાબતોનું અજવાળું હોય છે. અને એ જ કારણ છે કે મોમિનો તન્ઝીલી જમાનામાં પયગમ્બર (સલ્અમ)ની ઇતાઅત કરે છે અને તાવીલી દોરમાં ઇમામ (અલયહિસ્સલામ)ની તાબેદારી કરે છે. વળી જાણવું જોઇએ કે આ આયતે કરીમામાં રસૂલે અકરમ (સલ્અમ)ની ઇતાઅત પછી નુરે ઇમામતની પૈરવીનો જે ઉલ્લેખ થયો તેમાં આ ભવિષ્યવાણી છે કે આં હઝરત સલ્અમ પછી ગફલત અને જહાલતનાં અંધારાં ઊતરવાનાં છે જેને માત્ર પવિત્ર ઇમામ અલયહિસ્સલામનું નુરજ દૂર કરી શકે છે.

## નુરે ઇલાહી વિરૂદ્ધ નિષ્ફળ પ્રયાસો

અલ તૌબાની આયત ૩૨ માં ઇરશાદે ઇલાહી છે કે: "એ (લોકો) તો ઇચ્છે છે કે અલ્લાહતઆલાના નુરને પોતાના મોઢાની ફુંકો વડે બુઝાવી નાખે પણ અલ્લાહતઆલા તો પોતાના નુરને પરિપુર્ણતાએ પહોંચાડવા માગે છે ભલેને કાફરોને ખોટું લાગે!

આ આયતે કરીમાની એક હિકમત એ છે કે, ખુદાવંદી નુરને બુઝાવવાની નિષ્ફળ કોશીશો એ લોકો કરે છે જે એને ઓળખતા નથી અને તેની દુશ્મની કરે કેમકે અલ્લાહતબારક વ

તઆલાનું નૂર હઝરત ઇસા અલયહિસ્સલામની પેઠે અને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમની પેઠે માનવ સ્વરૂપે લોકો સામે પ્રગટ છે સારાંશ કે પયગમ્બર અને ઇમામ અલયહિમુસ્સલામની વિરૂધ્ધતા અને શત્રુવટ રાખવાનું કારણ આંતરિક અંધાપો અને જહાલત સિવાય બીજું કંઇ નથી. કેમકે દુનિયામાં કોઇ એવો કાફર હોવો અશકય છે કે જે પહેલાં તો ખુદાને માને અને પછી કોઇ વ્યક્તિ સંબંધે એવું ધારે કે ખુદાનું નૂર આ જ છે અને પછી તેને બુઝાવી દેવાની કોશીશ કરે.

## નુરની પરિપુર્ણતા

અહિં એ મહત્વનો સવાલ એ છે કે ખુદાવંદતઆલા પોતાના નૂરને કેવી રીતે પરિપૂર્ણ કરે છે, શું એનું નૂર આદિ અનાદિ રીતે પરિપુર્ણ નથી હોતું ? તો એનો જવાબ એ છે કે બેશક ખુદાનું નૂર તો સદા સદોદિત પરિપુર્ણ જ છે અને તેમાં જરા પણ ખામી નથી, પરંતુ આલમે દીનમાં ખુદાની મસ્લેહત (રહસ્ય) POLICY અનુસાર અમુક સમય ગાળાઓ (યુગો) મુકર્રર હોય છે તેમાંથી દરક યુગમાં ખુદાનું મુબારક અને પવિત્ર નૂર ઇલ્મ તથા અમલના પ્રકાશ વડે પવિત્ર રૂહાની એક મોટી સંખ્યાને પોતામાં સમાવિષ્ટ કરી દે છે. તો રૂહોનાં કિરણોની દ્રષ્ટિએ ઇર્શાદ છે કે અલ્લાહતઆલા પોતાના નુરને પરિપુર્ણ કરશે.

## સુર્ય અને ચંદ્રની નુરાની એકતા

સૂરહ યુનુસની આયત ૫ નો આ ઇર્શાદ છે કે અલ્લાહ એ જ છે જેણે સૂરજને પ્રકાશિત કીધો અને ચંદ્રને નુરાની

બનાવ્યો અને તેની મંઝિલો નક્કી કરી. કે જેથી તમે વર્ષોની ગણતરી કરી શકો.

આ ખુદાઇ ફરમાનની તાવીલ એ છે કે જેવી રીતે સૂર્ય અને ચાંદ શારીરિક રીતે બે અને અજવાળાની દ્રષ્ટિએ એક છે એ જ રીતે પયગમ્બર (સલ્અમ) અને ઇમામ (અલયહિસ્સલામ) દેહ ભાવે બે, પણ રૂહાનિયતની રૂએ એક છે. વળી ઇમામતના યુગમાં ઇમામ અને હુજ્જતે આઝમ (બાબ) દીનની દુનિયાના સૂર્યચંદ્ર છે, જેમનાં સ્વરૂપો જુદાં જુદાં પણ આત્મા એક જ છે.

આ પવિત્ર આયતની તાવીલી હિકમત એ પણ છે કે જેવી રીતે જાહેરી સૂર્યચંદ્રથી દુન્યવી વર્ષો મહિના, અઠવાડિયાં તથા દિવસોની ગણતરી કરી શકાય છે એ જ રીતે આતિની સૂર્ય ચંદ્ર જે પયગમ્બર અને ઇમામ (અલયહિમુસ્સલામ) અથવા ઇમામ (અ.સ.) અને "બાબ" છે તેમના વડે દીની (રાત દિવસ) વગેરે બને છે અને માલુમ પડે છે.

## અંધારાં અને નુર

સૂરહ રઅદની આયત ૧૬ માં ઇર્શાદ છે કે "આપ કહી દો કે શું આંધળો અને દેખતો એ બ-ને બરાબર હોઇ શકે છે? અથવા તો શું અંધારૂં અને નુર બરાબર હોઇ શકે છે?"

અહિં કુર્આને હકીમ પોતાની વિશિષ્ઠ તાવીલી ઝબાનમાં આ હકીકત તરફ ધ્યાન ખેંચે છે કે જે માણસ દીનનાં સત્યો તથા જ્ઞાન દ્રષ્ટિ વીહોણો—આંધળો છે તે, એ શખ્સના બરોબર હરગીજ નથી જે જ્ઞાનદ્રષ્ટિ રૂપી દોલતથી વિભુષિત છે.

અને એજ પ્રમાણે કુફ્ર અને જહાલતનાં અંધારાં, તથા ઇમાન અને ઇરફાનનાં અજવાળાં સમાંન હોઇ શકતાં નથી.

જાણવું જોઇએ કે આ અંધાપો અને દૃષ્ટિ, ઇન્સાનના હૃદયને લાગુ પડે છે. જેમ કે ૨૨/૪૬ નો ઇર્શાદ છે કે: તો ખચિત આંખો આંધળી નથી હોતી પણ દિલ આંધળાં હોય છે જે સીનાઓમાં છે. તો એ ઉપરથી સાબિત થયું કે રૂહાની અંધકાર અને પ્રકાશનો સંબંધ પણ દિલની આંખો સાથે છે ચહેરા પરની આંખો સાથે નથી.

## કિતાબ પયગંબર અને નુર

અલ્લાહુતઆલાની આદત અને સુન્નત એ છે તે જ્યારે ઇચ્છે છે ત્યારે આસ્માની કિતાબ પોતાના કોઇ પયગમ્બર પર નાઝિલ ફરમાવે છે કે જેથી તે પયગમ્બર એ કિતાબ દ્વારા લોકોને ગફલત તથા અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર કાઢીને ઇમામ શનાસીના નુર તરફ લઇ આવે. એ પછી ખુદાના હુકમથી તે આખા યુગમાં એ નુર યાને ઇમામ (અ.સ.)ના વસીલાથી અલ્લાહતઆલા રાહેરાસ્ત યાને સીધા રસ્તાની હિદાયત કરે છે. જેવું કે અલ્લાહ તબારક તઆલાએ આં હઝરત સલ્અમને ફરમાવ્યું : આ કિતાબ અમે તમારી તરફ એટલા માટે ઉતારી છે કે જેથી આપ, લોકોને પરવરદિગારના હુકમથી અંધકારમાંથી નૂર તરફ કાઢી લાવો અને મહાન પ્રશંસાના માલિક, અલ્લાહ તઆલાના રસ્તા પર ચઢાવો.'' ૧૪/૧

## હાદી અને નૂર

સુરહ ઇબ્રાહીમ આયત ૫ની પવિત્ર તાલીમ એ છે કે:

અને ખચિત અમે મૂસાને અમારી નિશાનીઓ આપીને મોકલ્યા કે જેથી તે પોતાની કોમને અંધકારમાંથી નુર તરફ કાઢી લાવે અને તેઓને અલ્લાહતઆલાના દિવસો યાદ અપાવે. ખચિત એમાં દરેક સબ્ર કરવાવાળા અને શુક્ર કરનારાં માટે કેટલીયે નિશાનીઓ છે.

કુર્આને પાકની આ તાલીમમાં એ હિકમત છુપાયેલી છે કે જ્યારે દુનિયામાં હમેશા એક તરફ તો કુફ્ર અને જહાલતનું અંધારૂં જોવામાં આવે છે તો બીજી તરફ સદા સહોદિત ઇમાન તથા શ્રધ્ધાનું નુર પણ મૌજુદ છે. પરંતુ લોકોનો સ્વભાવ જ એવો છે કે તેઓ અંધકારમાંથી નીકળીને નૂરમાં દાખલ થઇ શકતા નથી. તેથી જ અલ્લાહતઆલા પોતાની નિશાનીઓ આપીને પયગમ્બર અથવા ઇમામ અલયહિમુસ્સલામના સ્વરૂપે એક હાદી નિયુકત કરે છે કે જેથી લોકો પોતાના જમાનાના હાદીને ઓળખે અને તેની હિદાયત પ્રમાણે અંધકારને છોડીને નૂરના પંથ પર ચઢી જાય.

અહિં માત્ર એ સવાલ છે કે હઝરત મૂસા અલયહિસ્સલામના આ વર્ણનમાં જે નિશાનીઓ બતાવવામાં આવી તે દરેક માણસને માટે સર્વ સામાન્ય કેમ નથી? અને તેનું કારણ શું છે કે એ નિશાનીઓ માત્ર સબ્ર અને શુક્ર કરવાવાળા લોકો માટે જ વિશિષ્ઠ છે? તો તેનો જવાબ એ છે કે સબ્ર અને શુક્ર કરવાથી દિલની આંખો રોશન થઇ જાય છે અને તેના વડે જ અલ્લાહતઆલાની નિશાનીઓની અનુભુતી વડે તેનો ઉદ્દેશ તથા હેતુ માલુમ થઇ શકે છે અને તેના નૂર યાને ઇમામે ઝમાનની મારિફત પ્રાપ્ત કરી શકાય છે; તેનાથી ઉલ્ટું, જો જે માણસ સ્વાર્થ લોભ લાલચ અધીરાઇ અને નાશુક્રીનો શિકાર થઇ ચૂકયો હોય તો તેના દિલની

આંખો પર ગફલતનો પડદો પડી જાય છે ને તેથી અલ્લાહ તઆલાની નિશાનીઓને જોઇ નથી શકતો કે જે આકાશી કિતાબોમાં છે. યા તો પયગમ્બર કે ઇમામ (અલયહિમુસ્સલામ)ની પાસે છે.

## ઇમામે ઝમાનનું નુર પ્રત્યક્ષ કિતાબ છે

સુરહ હજ ૨૨/૮માં પરવરદિગારે આલમીને ઇર્શાદ ફરમાવેલ છે કે; "અને લોકોમાંથી કોઇ એવા પણ છે કે જે અલ્લાહ તઆલાના બારામાં ઇલ્મ અને હિદાયત વગર જ અને રોશન કિતાબ વિના જ ઝઘડતા રહે છે અને વાંકા ચુંકા ચાલીને અલ્લાહના માર્ગથી ભટકાવતા ફરે છે."

પ્રસ્તુત આકાશી વાણીની તાવીલ એ છે કે કોઇ શખ્સ દાઇ, હુજ્જત અને ઇમામે ઝમાન અલયહિસ્સલામની શનાખત તથા મારિફત વગર જ ખુદાવંદ તઆલાની મારિફતના બારામાં વાદવિવાદ નથી કરી શકતો, કેમકે દાઇ તે ઇલ્મ, હુજ્જત તે હિદાયત અને ઇમામ અલયહિસ્સલામ રોશન કિતાબ (પ્રત્યક્ષ દૈવી પુસ્તક) છે. વળી દાઇ તે ઇલ્મુલ યકીન, હુજ્જત તે ઐનુલ યકીન અને ઇમામ, તે હકકુલ યકીનના મર્તબામાં છે.

આ વાતની દલીલ એ છે કે દાઇ ઇલ્મુલ યકીન વડે લોકોને દાવત આપીને હુજ્જતને હવાલે કરી દયે છે. હુજ્જત ઐનુલ યકીન વડે તેઓને હિદાયત કરીને ઇમામ અલયહિસ્સ-લામની નૂરાની મારિફત સુધી પહોંચાડી દે છે અને ઇમામ અલયહિ-સ્સલામ પોતાના નૂરની રોશન કિતાબના અજવાળાંથી તેઓના જાહેરી તથા બાતિની અસ્તિત્વની સમસ્ત હકીકતો સ્પષ્ટ કરી દે છે અર્થાત તેઓના અસલી સ્વરૂપની અનુભુતી કરાવી દયે છે.

## કાએનાતનું નુર

સુરહ નુરની આયત ૩૫ માં અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે: "અલ્લાહ આકાશો અને જમીનનું નુર છે. તેના નુરનું દ્રષ્ટાંત એક એવા ગોખલા જેવું છે કે જેની અંદર દીવો ઝળહળી રહયો હોય. એ દીવો પણ જાણે એક કાચના ફાનુસ (બલ્બ)માં હોય. એ ફાનુશ પણ એવું, કે જાણે ચમકતો સિતારો. તે (દીવો) ઝયતૂનના મુબારક ઝાડ (ના તેલ) વડે બાળવામાં આવે છે જે (ઝાડ) ન તો પુર્વનું છે તેમ ન તો પશ્ચિમનું અને તેનું તેલ અગ્નિના સ્પર્શ વગર જ આપો આપ રોશન થઇ જાય છે. એ તો નુર ઉપર નુર છે. અલ્લાહતઆલા જેને ચાહે છે તેને પોતાના નુર પ્રત્યેની હિદાયત આપે છે."

પ્રસ્તુત આયતે કરીમાની હિકમત તથા તાવીલ એ છે કે અલ્લાહતબારક વ તઆલાનું નુર જાહેરી તેમજ બાતિની રીતે ઇલ્મ તથા હિકમત અને બોધ તથા હિદાયત સ્વરૂપે સદાકાળ મૌજુદ છે જે હાઝર ને હયાત ઇમામ (અલય.)ના મુબારક જિસ્મમાં ઝળહળાટ કરતું રૂહાની રીતે આસ્માનો તથા જિસ્માની રીતે જમીનોને પ્રકાશિત કરતું રહે છે. એ નૂર, હિકમતના ઘર સાથે સબંધ રાખે છે જેના ખાસ સભ્યોને એહલેબયત (અલયહિમુ-સ્સલામ) કહેવામાં આવે છે જેઓ એ નુરાની ચિરાગને માટે ગોખલાનો દરજ્જો ધરાવે છે.

આં હઝરત સલ્અમની કુલીનતા તથા જ્ઞાનપ્રતિભા તે એ દીપકના ફાનુશની ઉપમાને યોગ્ય છે જે એક ચકચકીત સિતારા જેવા છે જેની અંદર ઇમામ અલયહિસ્સલામની દૈહિક રીતે થયેલી પ્રતિષ્ઠા એ જાણે એ ચમત્કારિક ચિરાગની જાહેરી આકૃતિ છે.

ઇમામ અલયહિસ્સલામની રૂહાનિયતને ઝયતુનના તેલની ઉપમા આપવામાં આવી છે. ઝૈતૂનના ઝાડનો ભાવાર્થ હઝરત ઇબ્રાહીમ (અલૈ) અને હઝરત મોહમ્મદ સલ્અમનું પવિત્ર ખાનદાન છે એ ચિરાગના તેલમાં નફ્સેકુલ્લ અને અકલેકુલ્લ યાને ઇમામ અલય-હિસ્સલામનો અતિ પવિત્ર આત્મા અને સર્વવ્યાપી અકલ તે (એ દીવાની) વાટ તથા જ્યોતિ સ્વરૂપે છે. અગ્નિનો ભાવાર્થ છે જાહેરી સમર્થન (અર્થાત તેને જાહેર જનતા સામાન્ય લોકો તરફથી સમર્થન ન મળે તો પણ એ સ્વયંભુ પ્રકાશિત છે— તેને કોઇ માને કે ન માને તેની એને પરવા નથી—એ બેનિયાઝ છે) અને નૂર ઉપર નૂરનો મતલબ છે કે એક પછી એક થતા રહેતા ઇમામોની પવિત્ર પરંપરા (એ સમસ્ત ઇમામો પર સલવાત)

તાત્પર્ય કે પવિત્ર ઇમામ અલયહિસ્સલામની સર્વગ્રાહી અકલની જ્યોતિથી જે હિદાયતની રોશની ફેલાતી રહે છે તે રૂહાની તેમજ જિસ્માની હદૂદ (દિકપાલો) દ્વારા વિશ્વબ્રહ્માંડની સમસ્ત જડચેતન સૃષ્ટિમાં આંતરબાહ્ય રીતે પ્રસરી જાય છે. તે વડે આકાશ પૃથ્વી, પંચમહાભુતો પહાડ પથ્થર, વનસ્પતિ, પશુપ્રાણીઓ અને જળચર વનચર તેમજ મનુષ્ય જાતિનું જીવન ટકી રહે છે. જેથી સમસ્ત સૃષ્ટિમાંના દરેક જીવો પોતપોતાની યોગ્યતા અનુસાર હિદાયત પ્રાપ્ત કરી શકે છે.

## વધુ સ્પષ્ટીકરણ

અલ્લાહતઆલાએ પોતાની ઝાતને આકાશો તથા પૃથ્વીના પ્રકાશ તરીકે વર્ણવી તેનો ભાવાર્થ એ કે એ, જલ્લશાનહુ આ વિશ્વબ્રહ્માંડના સમસ્ત તઅલ્લુકાઓ માટે સંપુર્ણ હિદાયતના પ્રકાશ સ્વરૂપે છે યાને ખુદાવંદના નૂરે આકાશો પૃથ્વી તથા વસ્તુમાત્રને

નેસ્તીના અંધકારમાંથી હસ્તી (અસ્તિત્વ)ના અજવાળામાં લાવી મૂકી છે; એટલું જ નહિ પણ આકાશો, તારામંડળ અને પંચ-ભુતોની સૃષ્ટિમાં જે કંઇ જીવન ધબકી રહયું છે અથવા તો વસ્તુઓ જે રીતે ટકી રહી છે તેનું મૂળ કારણ અલ્લાહતઆલાના નુરની પ્રેરણા જ છે. સારાંશ કે વસ્તુમાત્રમાં એ નુરની હિદાયત જ કામ કરી રહી છે.

અલ્લાહતઆલાના એ વિશ્વવ્યાપી નુરની વ્યાખ્યા એ છે કે તેના અજવાળામાં જ આ સમસ્ત સૃષ્ટિનાં રહસ્યોથી પરિચિત થઇ શકાય છે અને રૂહાની કે જિસ્માની રીતે વિશ્વબ્રહમાંડની વસ્તુ માત્ર પર કાબુ મેળવી શકાય છે તેથી ફલિત થયું કે ખુદાનું નૂર અકલ, ઇલ્મ હિકમત તથા હિદાયત સ્વરૂપે છે, કોઇ ભૌતિક અજવાળા જેવું એ નથી.

જયારે કે ખુદા આસ્માનો ઉપરાંત જમીનને પણ પોતાના નુરથી ઝળહળાવી દયે તો એ એને માટે કંઇ અઘરી વાત નથી જેમાં જમીન પર રહેવાવાળાં દરેક જાતનાં પ્રાણી પશુપક્ષીઓ બધાંજ શામેલ છે; તો પછી એમાં શું શક છે કે એ નુર પોતાના કેન્દ્રીય પુરૂષ, ઇમામે આલી સિફાતમાં પણ મૌજુદ હોય.

અગર અલ્લાહતઆલાના નૂરના દીદાર અને તેની મારિફ્ત અસંભવિત હોત તો એ પોતામા નૂરને એવી વસ્તુની ઉપમા ન આપત જે દુનિયાના લોકોની સામે ઝાહેર હોય. જયારે તેણે પોતાના નુરને જાહેરી દીપકની ઉપમા આપી તો એથી સાબિત થઇ ગયું કે તેની (અર્થાત નુરની) મારિફત પણ શકય છે. અને તે માત્ર ઇમાંમે ઝમાન અલયહિસ્સલામના વસીલાથી જ પ્રાપ્ત થઇ શકે છે.

અગર ખુદાના નૂરને જાહેરી અને બાતિની રીતે નિકટથી નિહાળવાનું અશક્ય હોત, તો અક્લ અને ઇન્સાફની માંગ એવી હોત કે ખુદાએ પોતાના નૂરની સરખામણી સૂરજ સાથે કરી હોત. પણ ખુદાએ એવું કર્યું નથી. બલ્કે તેણે પોતાના નૂરને ઘરના દીવાની ઉપમા આપી છે. તો માલુમ પડ્યું કે તેનું પવિત્ર નૂર ઇન્સાનોની વચ્ચે મોજુદ છે જે ઇન્સાને કામિલ યાને હયાત અને હાઝર નાઝર ઇમામ અલયહિસ્સલામના જામામાં છે.

અગર ખુદાનું નુર શારીરિક જામો કદી ન બદલતે અને સૂરજની માફક એક જ સ્થિતિમાં રહેત તો પછી એને સૂરજની ઉપમા આપી શકાત, ચિરાગની નહિ.

જેવી રીતે આ વિશ્વબ્રહ્માંડને માટે એક સૂરજ છે અને ઘરને માટે એક દીવો હોય છે એ જ પ્રમાણે માનવીય જગતનાં અંધારાં દૂર કરવા માટે ઇન્સાને કામિલ-ઇમામે ઝમાન અલયહિ-સ્સલામ મોજુદ હોય છે.

અગર અક્લ અને ડહાપણની રૂએ જહાલત એક જાતનો અંધકાર અને ઇલ્મ તથા હિકમત તેનો મુકાબલામાં નુર છે એ વાત સર્વમાન્ય હોય, તો અવશ્ય ઇલ્મ, હિકમત તથા હિદાયતનું એ નુર ઇન્સાને કામિલ (પરિપૂર્ણ માનવી)માં મોજુદ હોવું જ જોઇએ.

અગર દુનિયા એક આલમ (સૃષ્ટિ) છે તો દીન પણ એક આલમ છે, દુન્યવી સૂરજ એક જડ વસ્તુ છે તેમામાં બુદ્ધિ તથા રૂહ નથી જ્યારે કે આલમે દીનનો સૂર્ય સંપૂર્ણ બુદ્ધિ તથા રૂહનો અમર્યાદ અને અખુટ ભંડાર છે અને તે છે ઇમામે ઝમાન અલયહિસ્સલામ.

વળી આ વાત પણ સર્વમાન્ય છે કે ઇન્સાન વ્યક્તિગત રીતે એક નાની સરખી દુનિયા જ છે અને તેનામાં પ્રકાશનું એક નાનું તેજ વલય પણ હોય છે જે અકલેજુઝ્વી તરીકે ઓળખાય છે. તેથી બધા જ ઇન્સાનો સર્વાંગી રીતે એક મહાન દુનિયા છે અને તેમનામાં અતિ મહાન નુર પણ છે જેને ઇન્સાને કામિલ અથવા ઇમામે ઝમાન (અ.સ.) કહેવામાં આવે છે.

ઇન્સાન જ્યારે એકીટશે, ચમકતા સૂરજને જોવા લાગે તો તત્કાળ પ્રકાશકણોના જોરદાર વરસાદને કારણે તેની આંખો અંજાઇ જાય છે. બિલ્કુલ એ જ રીતે જે શખ્સ, ઇમામે આલીમુકામ અલયહિસ્સલામના વ્યક્તિત્વ તથા તેમની ગુણસંપતિ પરત્વે ચિંતનમનન કરવા માંડે છે (અર્થાત કે દિલની આંખોથી એકાગ્ર રીતે જોવા માંડે છે) તો ઇમામ અલયહિસ્સલામના અદ્દભુત વ્યક્તિત્વ વિષે અનેક જાતના વિચારો પેદા થઇ જાય છે અને તેની અક્લની આંખો અંજાઇ જાય છે.

અગર ઇન્સાન, સૂરજને સીધી નજરે જોવાને બદલે ઇલ્મ તથા હિકમત અને જાહેરી જ્ઞાનવિજ્ઞાનની દ્રષ્ટિએ જુએ તો તે સૂરજ વિષેની ઘણીબધી હકીકતો સમજી શકે છે અને તેનો વધુમાં વધુ ફાયદો મેળવી શકે છે. એ જ રીતે જે કોઇ માણસ, ઇમામ અલયહિસ્સલામને માત્ર જાહેરી દ્રષ્ટિએ નિરખવાને બદલે ઇલ્મ તથા મારિફતની આંખોથી જોવાની કોશીશ કરે તો તેને અપરંપાર સદ્દભાગ્ય પ્રાપ્ત થાય છે.

### નુરૂન અલા નુર

અગર આપણે એવો અકીદો ન રાખીએ કે ઇમામ (અ.સ.)નું નુર આદિ અનાદિ કાળથી માનવ સ્વરૂપે પ્રગટ થતું

આવ્યું છે; તો આપણે નુરૂન અલા નુરનો મતલબ જરાય સમજી શકવાના નથી. કેમકે નુરૂન અલા નુરની એક વિશિષ્ટતા એ છે કે તે પ્રથમથી જ મૌજુદ છે અને બીજું નુર એના પછી અસ્તિત્વમાં આવ્યું છે. પછી એ બન્ને નુર પરસ્પરમાં પરોવાઇને એક થઇ ગયાં છે. તેનો અર્થ એ છે કે એક ઇમામ પછી બીજા ઇમામની પરંપરા પરાપૂર્વથી ચાલતી આવી છે અને આ એક એવી સર્વસિદ્દ હકીકત છે કે તેમાં બધી હકીકતો સમાયેલી છે.

જ્યારે નુરૂન અલા નુરની માન્યતાથી એ માલુમ પડયું કે નુર, જાહેરી રીતે એકથી વધુ હોઇ શકે છે પરંતુ તેની અસલિયત તથા હકીકત (તેનું તત્વ) હમેશા એક જ હોય છે. જેમ કે સૂરજ ઉપરાંત ચંદ્ર અને તમામ સિતારાઓ પણ ભૌતિક પ્રકારના પ્રકાશ ગોળા છે પરંતુ એ તમામ પ્રકાશ ગોળા એકત્વના કેન્દ્ર—સૂરજ સાથે સંકળાયેલા છે અને પ્રકાશની રૂએ એક જ છે.

તે ઉપરાંત નુરના એકત્વનું એક સ્પષ્ટ રૂપક એ છે કે કોઇ મકાનમાં વિવિધ રંગના બલ્બ ઝળહળી રહ્યા હોય તો એ બધાની રોશની અને રંગત એક થઇ જાય છે. આ મિસાલ એક તરફ તો ખુદાવંદી પ્રકાશ કેન્દ્રોની એકવાકયતા સિદ્ધ કરે છે તો બીજી તરફ તે ઉપરથી મોમિનોની રૂહોનું એકત્વ પણ સાબિત થાય છે.

નુરૂન અલા નુરની હિકમતોમાંથી એક આ પણ છે કે સૌ પ્રથમ ઇમામે આલીમકામ (અ.સ.)નું મુબારક જિસ્મ બને છે, જે જાહેરી અને જિસ્માની હિદાયતનું નુર છે અને તે એ અર્થમાં નુર છે કે જાહેરી તથા બુન્યાદી હિદાયતની રોશની ઇમામ અલયહિસ્સલામના પવિત્ર દેહને પ્રતાપે છે. વળી તેના પર ઇમામ અલયહિસ્સલામની "રૂહે નાતકા" (વાણીમય આત્મા)નું

નુર બિરાજે છે, તેના ઉપર નફસે કુલ્લીનું નુર પ્રકાશે છે અને તેની ઉપર અકલે કુલ્લીનું નુર વિરાજિત છે. આ થયો નુરૂન અલા નુર (નુર ઉપર નુર)નો ભાવાર્થ.

## નૂર અને અલ્લાહુતઆલાની ઇચ્છા

સૂરહ નુર આયત ૩૫ માં ખુદાવંદી ઇર્શાદ છે કે અલ્લાહુ-તઆલા જેને ચાહે છે તેને પોતાના નુરની હિદાયત કરે છે. આનો અર્થ એ થયો કે અલ્લાહતઆલાની ઇચ્છા સિવાય કોઇ પણ ઇન્સાન એ નુરની શનાખત કે પૈરવી નથી કરી શકતો.

અહિં એક તરફથી તો એ પણ સિધ્ધ થાય છે કે અલ્લાહતઆલાનું નુર જગતમાં સદાકાળ કાયમ દાયમ છે ને બીજી તરફથી એ પણ સિધ્ધ થાય છે કે હિદાયતના બે તબક્કા છે. પહેલા તબક્કામાં છે ખુદાની હિદાયત; જેનું અનુસરણ કરવાથી સલામતી તથા સદાકાળની મુક્તિ મળી શકે છે.

**જેને માટે ખુદા નૂર મુકર્રર ન કરે**
**તેને માટે કોઇ નૂર નથી.**

ઉપરોકત સુરહની આયત નંબર ૪૦ માં રબતઆલાનો ઇર્શાદ છે કે : "અને જેને માટે અલ્લાહતઆલા કોઇ નુર મુકર્રર નથી કરતો, તેને માટે કોઇ નુર નથી."

અત્રે એ યાદ રહે કે અલ્લાહતઆલા નુરની નિયુક્તી એ રીતે કરે છે કે તે રસુલેખુદા સલ્અમને ફરમાવે છે અને આં હઝરત સલ્અમ જેના ઉપર અલ્લાહની મરજી હોય તેને માટે નુર મુકર્રર કરી દે છે (અર્થાત તેને પોતાની પવિત્ર પયગમ્બરી પ્રેરણાનો પ્રકાશ તથા પ્રસાદ ઇનાયત કરી દે છે).

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

આ મુબારક આયતનું વાંચન અને ચિંતન કરવાથી માલુમ પડે છે કે કાફિરો (ઇંન્કાર કરનારાઓ) કંઇ એવા નથી હોતા કે જેની કંઇ કરણી ન હોય. તેઓની પણ કરણી હોય છે પણ તે બધી નિરર્થક હોય છે. (આવા લોકોને જ ગીરોના ગિનાનમાં કરણીના હીણાં કહેવામાં આવ્યા છે અનુવાદક) કેમ કે તેઓને માટે ખુદાએ નુર મુકર્રર નથી કર્યું. તો, તેઓની કરણી કોઇ પથરાળ મેદાનમાં (અરણ્યમાં) દેખાતાં ઝાંઝવાંનાં જળ જેવી હોય છે જેને પાણી સમજીને કોઇ તરસ્યો માણસ તેની પાસે પહોંચવાનાં પ્રયાસો કરે છે પણ જઇને જુએ છે તો ત્યાં રેતી જ ઉડતી હોય છે. અથવા તો તેની કરણી ઊંડા સમુદ્રનાં અંધકાર મિસાલ હોય છે જેના ઉપર કાળાં ડીબાંગ મોજાંના થરના થર ધલવલતા હોય છે. તેની ઉપર નીચે બધેબધ અંધકાર જ હોય છે. એવી દશામાં કોઇ માણસ હાથ અડાડે તો પણ દેખાઇ શકતો નથી.

## દીનની દુનિયાના સૂર્ય અને ચંદ્ર

સુરહ ફુરકાન (૨૫) આયત ૬૧ માં હિદાયત આવેલી છે કે બહુ જ બરકતવંતો છે (તે પરવરદિગાર) જેણે આસ્માનમાં બુરૂજ બનાવ્યા અને તેમાં એક ચિરાગ અર્થાત સુરજ અને નુરાની ચંદ્રની રચના કરી.

જાણવું જોઇએ કે સાચી બરકત દુન્યવી ચીજોમાં નહિ, પણ દીની વસ્તુઓમાં છે. તો અલ્લાહતઆલા બહુ જ બરકતવંતો એ અર્થમાં છે કે તેણે આલમે દીનની ઉત્પતિ કરી; જેણે દીનના આસ્માનમાં બાર બુરૂજ બનાવ્યા જે બાર હુજ્જત છે અને તેમાં સુરજ અને ચંદ્ર, તે નબુવ્વતના દોરમાં પયગમ્બર તથા ઇમામ અલયહિમુસ્સલામ અને ઇમામતના યુગમાં ઇમામ (અ.સ.) તથા હુજ્જતે આઝમ (સૂર્ય-ચંદ્ર સમાન) છે.

બુરૂજ રાશિ જો કે બાર છે પરંતુ રાત્રી દિવસના બે ભાગના હિસાબે એ જ બારના ચોવીસ થાય છે અને તેમની મંઝિલોના હિસાબે અઠ્ઠાવીસ થાય છે. એ જ પ્રમાણે ઇમામ અલયહિસ્સલામના હુજ્જતોને જઝાઇર (મુખ્ય મુખ્ય પ્રદેશોના હુજ્જતો બાર છે.) પણ રાત્રી દિવસના હુજ્જનો મળીને ચોવીસ થાય છે તેમાં બીજા ચાર હુજ્જતોને મુકરંબ મળીને કુલ્લ અઠ્ઠાવીસ બને છે.

## કિતાબે મુનીર

કુર્આને હકીમની સૂરહ ૩૧ ની આયત ૩ માં ઇર્શાદ છે કે: "અને લોકોમાંથી કોઇ માણસ એવો પણ છે કે જે અલ્લાહના બારામાં ઇલ્મ વગર, હિદાયત વગર અને કિતાબે મુનીર (પ્રકાશિત કિતાબ) વગર જ ઝઘડો કરે છે."

અહિં ઇલ્મનો ભાવાર્થ દૌરે નબુવ્વતમાં હુજ્જત, હિદાયતનો ભાવાર્થ ઇમામ (અ.સ.) અને રોશન કિતાબનો ભાવાર્થ છે આં હઝરત સલ્અમ. વળી દૌરે ઇમામતમાં ઇલ્મ, તે દાઇ, હિદાયતનો ભાવાર્થ હુજ્જત અને પ્રગટ કિતાબ તે ઇમામ અલયહિસ્સલામ છે. જયારે કે તાવીલી તબકાઓ તથા હુદૂદે દીન, સ્થળકાળની અપેક્ષા અનુસાર હોય છે.

બીજું કે દૌરે ઇમામતમાં દાઇ તે ઇલ્મુલ યકીન છે તો આ હુદૂદે દીન (દીનની મર્યાદાઓ) વગર અલ્લાહતઆલાની ઝાત તથા સિફાત (ગુણ વૈભવ) અને તેની મારિફત તથા તોહીદના બારામાં વાદવિવાદ કરવો તે સરાસર ગુમરાહી છે.

## અંધકારમાંથી નૂર તરફ

સુરહ એહઝાબની આયત ૪૧–૪૨ અને ૪૩ માં ઇર્શાદ કરાયો છે કે અય ઇમાનવાળાઓ, તમે અલ્લાહને બહુ જ વિપુલ પ્રમાણમાં યાદ કરો અને સવારે ને સાંજે તેની તસ્બીહ કરતા રહો. એ જ છે જે તમારા પર રેહમત મોકલે છે અને તેના ફરિશ્તાઓ પણ તમારા પર રેહમત મોકલે છે કે જેથી ખુદા તમને અંધકારમાંથી બહાર કાઢીને નૂર તરફ લઇ આવે અને અલ્લાહતઆલા મોમીનો પર બહુ જ મહેરબાન છે. એ (મોમિનો) જે દિવસે અલ્લાહતઆલાથી મુલાકાત કરશે, તો તેઓની દુઆ, સલામતી હશે અને અલ્લાહતઆલાએ તેઓને માટે બહુ જ મોટું ઇનામ તૈયાર રાખ્યું છે.

પ્રસ્તુત આયાતની સર્વાંગી હિકમત એ દર્શાવે છે કે નૂરની હકીકી પિછાણ, ત્યાં સુધી અસંભવ છે, જયાં સુધી ઇન્સાનનું ઇમાન યોગ્ય રીતે પરિપકવ અને પરિપૂર્ણ ન હોય. અને પરિપુર્ણ ઇમાનની નિશાની એ છે કે મોમિન, હાર્દિક ઝબાની તથા ઇલ્મી રીતે ખુદાનો ઝિક્ર વિપુલ પ્રમાણમાં કરે છે. એ ત્યાં સુધી કે તેનું ઝિક્ર સતત ચાલતું જ રહે છે. એ દશામાં ઝિક્ર રૂહાની આનંદથી ભરપુર હોય છે અને તે સવારે ને સાંજે વાણીવર્તન વડે અલ્લાહ–તઆલાની પ્રવિત્રતા બયાન કરે છે યાને કે તેનું જાહેર અને બાતિન તથા ચારિત્ર્ય બધું આંતર બાહ્ય પવિત્ર થઇ જાય છે. જયારે તે સવારે ને સાંજે ખુદાની હુઝૂરમાં ગીરિયાઝારી અને વિનંતી તથા અરજ બંદગી કરતાં કરતાં પોતાના નફસને પાક (મનને શુદ્ધ) કરી લ્યે છે. પછી તેના ફલ સ્વરૂપે અલ્લાહ–તબારક તબારક વ તઆલા અને તેના ફરિશ્તા એવા ખાસ બંદા પર રેહમત ફરમાવે છે. જેનાથી ધીમે ધીમે તેની અંદરથી ગફલત,

જહાલત અને જડતા રૂપી અંધકાર દૂર થઇ જાય છે. અને નબી અને અલી અલયહિમુસ્સલામનું નૂરે વાહિદ (એકત્ર નૂર) પોતાના ઇલ્મી તથા તત્વ સ્વરૂપી ચમત્કૃતિઓ સહિત તેના દિલ તથા દિમાગમાં ઝળહળી ઉઠે છે.

અલ્લાહતઆલાની આ ખાસ રેહમત માત્ર હકીકતી મોમિનને માટેજ વિશિષ્ઠ છે. જે દિવસે હકીકતી મોમનને ખુદાવંદ તબારક વ તઆલાના એ પવિત્ર નૂરનો રૂહાની દીદાર પ્રાપ્ત થાય છે એ વખતે મોમિનનાં વાણી વર્તણૂક વડે સલામતીની દુઆ સરી પડે છે કે તેને અમર જીવનની પ્રાપ્તી થાય; જેને અલ્લાહ તઆલા મંજુર ફરમાવે છે. ખુદાની મદદ અને સદપ્રેરણાથી ઉપરોક્ત આયાતનો સારાંશ અમે વર્ણંવ્યો છે.

## પ્રકાશિત ચિરાગ

સુરહ એહઝાબની આયત ૪૫ અને ૪૬માં ઇલાહી ફરમાન એ છે; ઓ નબી, બેશક અમે આપને ગવાહી તથા ખુશખબરી આપનારા અને ડરાવવાવાળા અને અલ્લાહની તરફ તેના હુકમથી નિમંત્રવાવાળા અને રોશન ચિરાગ બનાવીને મોકલ્યા છે.

આ બન્ને પવિત્ર આયતોની હિકમતથી એ હકીકત જાહેર થાય છે કે અહિં હુઝૂરે અકરમ (સલ્અમ)ના અમુક તો અમર અને અમુક જીવંત લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે. જેની દલીલો દ્વારા આં હઝરત સલ્અમના બીજા ગુણો પણ સદા જીવંત તથા અમર હોવાનું સાબિત થઇ જાય છે.

દા.ત. જયારે માનવામાં આવ્યું કે આં હઝરત સલ્અમ પોતાની સમસ્ત ઉમ્મતના આમાલ પર ગવાહ છે; જયારે કે

ગવાહ તો કોઇ બનાવ કે મામલાની સામે હાજર અને મોજુદ રહે તેને કહેવામાં આવે છે. તો સમજી લેવું જોઇએ કે હુઝૂર સલ્અમનો આ ગુણ સદાકાળને માટે જીવંત રહેવાનો છે અને અવશ્ય આપ (સલ્અમ)ની બીજી પણ ઘણી બધી સિફ્તો એ જ રીતે અમર અને સદોદિત છે.

વળી ખુશખબરી દેનાર અને ડરાવનારાએ પણ બંદાઓની કરણીની સામે હાજર–મોજુદ રહેવું જરૂરી છે કે જેથી નેક બંદાઓને તે ખુશવધાઇ આપે અને બદકારોને (બુરાં પરિણામોથી) ડરાવે, એ રીતે નબી કરીમ સલ્અમની એક વધુ જીવંત સિફ્ત એ પણ સાબિત થઇ કે ખુદાના હુકમ મુજબ જમાના પ્રમાણે હક રાહ તરફ દાવત આપે, જેવી રીતે કે નબવી દોરમાં તે જમાના અનુસાર દાવત કરતા હતા; આનો અર્થ એ થયો કે હુઝૂર (સલ્અમ)ની દાવત હમેશા વહીએ ઇલાહીને તાબે હોય છે જેનું તત્કાલીન તારતમ્ય એ જ નીકળે છે કે પયગમ્બર સલ્અમનું પવિત્ર નૂર ઇમામે ઝમાન (અ.સ.)ના સ્વરૂપમાં હયાત અને હાજર છે.

એવું જ દૃષ્ટાંત રોશન ચિરાગનું છે કે ખુદાના નૂર રૂપી એ પવિત્ર દીવો કદી પણ બુઝાઇ જવો ન જોઇએ. તેના ગુણ અને લક્ષણમાં જરાય ખામી કે ઓછપ આવવી ન જોઇએ. કુર્આને હકીમમાં તો ઠેર ઠેર ઇર્શાદ થયેલ છે કે ખુદાનું નૂર એક અનાદિ સિધ્ધ અને અનંત હકીકત છે. તો એની સમસ્ત જીવંત અને અંતરહિત સિફાત, આં હઝરત સલ્અમની રેહલત પછી ફકત આપ (સલ્અમ)ના એહલેબયત અલયહિમુસ્સલામના સ્વરૂપમાં કાયમ દાયમ અને સદા મોજુદ છે. આપ (સલ્અમ)નું એ પવિત્ર નૂર હઝરત મૌલાના અલી (અ.) તથા આલે અલી (અ.સ.)ની ઇમામત–પરંપરામાં સદાને માટે જવલંત રહ્યું છે.

Institute for Spiritual Wisdom and Luminous Science

સિરાજે મુનીર (રોશન ચિરાગ) કુર્આને હકીમમાં નૂરે નબુવ્વત અને ઇમામતની એક એવી હિકમત સભર અને સુંદર ખુબ્સુર્ગ ઉપમા છે કે તેની હકીકત તથા મારિફતમાં અલ્લાહ–તઆલાના બધાં જ ગુણવાચક નામોની કુદરત તથા ઝહુરાત સમાયેલી છે આ હકીકતની સાબિતીમાં માત્ર એટલું જ કહેવું પુરતું છે કે અલ્લાહ તબારક વ તઆલા પોતાના એ જ સર્વગુણ સંપન્ન નૂરના સ્વરૂપે ઇન્સાને કામિલ રૂપી અસ્તિત્વના ચિરાગમાં પ્રગટ થઇને આલમે દીન તથા દિલની દુનિયાને ઝળહળિત કરી રહયો છે.

આયતે નૂરમાં ફરમાવેલ છે કે : ખુદા, આકાશો અને પૃથ્વીનું નૂર છે તેના નૂરની મિસાલ એક ગોખલાની છે, જેમાં રોશન દીવો બળી રહયો છે. આમ જો કે હક સુબ્હાનહુ વ તઆલાની અનુપમ ઝાતની સરખામણી બીજી કોઇ ઉપમા વડે થઇ શકતી નથી, જેવું કે કુર્આને પાકમાં ફરમાવેલ છે કે કોઇ ચીજની તેને ઉપમા આપી શકાતી નથી અને તે જ જોવાવાળો અને સાંભળવાવાળો છે. (૪૪/૧૧) આમ હોવા છતાં અલ્લાહે પોતાના નૂરને પાછી એક ચકચકીત દીવાની ઉપમા પણ આયતે નૂરમાં આપી છે—એ આશ્ચર્યવત છે.

## જહાલતનો અંધકાર અને મારિફતનું અજવાળું

સૂરહ ફાતેરની આયાત ૧૯ થી ૨૨ માં રબ્બ'તાલાનો ઇર્શાદ છે કે "અને આંધળો અને દેખતો બન્ને એક સરખા નથી હોતા, તેમ અંધારૂં અને અજવાળું, તડકો અને છાંયડો જીવતા અને મરેલા પણ એક સરખા નથી હોતા. બેશક અલ્લાહ જેને

ચાહે તેને સંભળાવી દે છે અને તમે એ લોકોને નથી સંભળાવી શકતા જે કબરોમાં સુતેલા છે.''

આ પવિત્ર આયાતમાં એક તરફ તો સાચા અકીદાનાં અને બીજી તરફ ખોટી માન્યતાનાં પરિણામોની સરખામણી કરવામાં આવી છે અને હિકમતની પરિભાષામાં કહેવામાં આવ્યું છે કે દિલનો અંધાપો ખોટી માન્યાને પ્રતાપે પાંગરે છે અને સાચો અકીદો હૃદયની રોશની તથા સમજદારીનો સબબ બની રહે છે. દિલનો અંધાપો એટલે દિલના અંધકારનું પરિણામ જહાલત રૂપે જાહેર થાય છે અને દિલની દ્રષ્ટિના પરિણામે પ્રકાશનો પરિચય પ્રાપ્ત થાય છે. મારિફતના નૂરને પ્રતાપે નિરાંતભર્યો શિતળ છાંયડો નસીબ થાય છે અને જહાલતના અંધકારને લીધે ભવાટવિમાં ભટકવાનું જ રહે છે. નૂરે મારિફતના છાંયડાવાળા રૂહાની રીતે સદા જીવંત રહે છે અને ગુમરાહીમાં જીવન ગુજારવાવાળા રૂહાની રીતે મરણને શરણ થઇ ગયા હોય છે. વળી જેઓ રબની રેહમતના તથા હિદાયતના છાંયડામાં હોય છે અને રૂહાની રીતે જીવતા થઇ ગયા, તેઓ તો અલ્લાહતઆલાના ઇલ્મ અને હિકમતની વાતો સાંભળી શકે છે; અને જે લોકો ગુમરાહીના ઉજડ વગડામાં ભુલા પડી ગયા તેઓ સર્વનાશ તથા જડતા રૂપી કબરોમાં સુઇ ગયા છે તેઓને ઇલ્મ તથા હિકમતની વાતો સંભળાવી નથી શકાતી.

**અંબિયાના મોજિઝા**
**કિતાબો અને તાવીલ**

ઉપરોક્ત સુરહની પચીસમી આયતમાં ઇર્શાદ છે કે: અગર એ લોકો આપનો ઇન્કાર કરે તો, જે લોકો તેઓની પૂર્વે થઇ

ગયા છે તેઓએ પણ ઇન્કાર કર્યો હતો: (હાલાં કે) તેઓ પાસે પણ પયગમ્બરો, મોજિઝા તથા કિતાબો અને રોશન કિતાબ સહિત આવેલા હતા.

કુર્આને કરીમની આ પવિત્ર તાલીમ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અંબિયા અલયહિમુસ્સલામ પોતાની સાથે ત્રણ મહાન નિશાનીઓ લઇને આવેલા હતા જેમાં એક તો ચમત્કારો, બીજું કિતાબો અને ત્રીજી વળી રોશન કિતાબ.

આ પરત્વે એક મહત્વનો સવાલ એ ઉપસ્થિત થાય છે કે પયગમ્બરોના ચમત્કારો અને કિતાબો ઉપરાંત વળી બીજી રોશન કિતાબ તે કઇ હતી? કેમકે આયતે કરીમાની અરબી વાકય રચનાની રૂએ બય્યેનાત એટલે મોજિઝાઓ ઝુબુર તે ઝબૂરનું બહુવચન છે જેનો અર્થ થાય કિતાબો અને કિતાબે મુનીર એટલે રોશન કિતાબ.

તો સવાલ એ હતો કે રોશન કિતાબ, તે કઇ? શું એ રોશન કિતાબ આજે પણ છે? કે નહિ? જયારે કે આં હઝરત સલ્અમની પહેલાંના બધા જ પયગમ્બરોની સાથે હમેશાથી મૌજુદ હતી તો આજે એ કિતાબ કયાં છે? અગર જવાબ નકારમાં છે તો શા માટે? અગર હકારમાં છે—અને હકારમાં જ હોવો જોઇએ કેમકે ખુદા કંઇ ઝાલિમ નથી, કે પુર્વના બધા જ પયગમ્બરો સાથે એ રોશન કિતાબ હોય અને અત્યારે ન હોય! – તો એ રોશન કિતાબ કયાં છે? તો એ બધા સવાલોનો સાવ સહેલો ને સાદો જવાબ એ છે કે એ રોશન કિતાબ, તે નૂરે ઇમામત છે, જે પયગમ્બરે આખેરૂઝઝમાન (સલ્અમ)ની સાથે પણ હતું, આજે પણ છે અને એ જ નૂર બધા જ પયગમ્બરોની આસ્માની કિતાબની

અમલી તાવીલ તથા હિકમતે બાલેગા (સર્વાંગ સદોદિત હિકમત)ના સ્વરૂપે છે. કેમકે નૂરે ઇમામત જ એ નૂર છે જેમાં રૂહાનિયતનાં બધાં જ રહસ્યો અને તાવીલોની બધી જ પ્રકાશિત હકીકતોનો તત્વબોધ મૌજુદ છે.

## શર્હ સદ્ર

સૂરહ ઝુમરની આયત ૨૨ મીમાં ઇર્શાદ છે કે "જે માણસનું અંતઃકરણ અલ્લાહ તબારક વ તઆલાએ ઇસ્લામને માટે ખોલી દીધું અને તે પોતાના પરવરદિગારના નૂર પર છે (શું એ શખ્સ અને બીજા લોકો એક સરખા છે ?) પછી જે લોકોનાં દિલ ખુદાના ઝિક્રથી પ્રભાવિત નથી થતાં, તેઓને માટે મોટી ખરાબી છે. એ લોકો ખુલ્લી ગુમરાહી પર છે."

આ પવિત્ર આયત સૌ પ્રથમ તો ઇન્સાને કામિલ અર્થાત પયગમ્બરે આખેરૂઝઝમાન તથા ઇમામે બરહક અલયહિસ્સલામની શાનમાં છે. એ પછી ઉતરોતર બીજા હુદૂદે દીન સંબંધે છે કેમકે અલ્લાહતઆલાની તરફથી ઇનાયત થયેલ હૃદયની વિશાળતા તથા ઇસ્લામનું સાચું તત્વજ્ઞાન અને નૂર, ઇન્સાને કામિલના વસીલાથી હુદૂદે દીનને પણ ઉચ્ચ તત્વબોધના સ્વરૂપે પ્રાપ્ત થાય છે. અને ઇન્સાને કામિલની પવિત્ર ઝાતમાં એ ગુણવૈવિધ્ય તથા બીજી પણ અનેક વિશિષ્ટતાઓ ઉતમ પ્રકારે મૌજુદ હોય છે.

આ પવિત્ર આયતની હિકમત સભર તાલીમ શર્હસદ્ર યાને હૃદયની વિશાળતાના ઉલ્લેખથી શરૂ થાય છે અને ફરમાવે છે કે જ્યાં સુધી અલ્લાહ તઆલા તરફથી કોઇ ઇન્સાનને દિલની દ્રષ્ટિ ઇનાયત નથી થતી ત્યાં સુધી તે ઇસ્લામનો સાચા અર્થમાં અંગીકાર કરી શકતો નથી. વળી ઇસ્લામના એક અન્યાર્થની રૂએ જ્યાં સુધી ખુદા તરફથી

કોઇની હૃદયગ્રંથિનું છેદન નથી થતું ત્યાં સુધી એ માણસ ખુદાની ફરમાનબરદારી અને તાબેદારી કરી શકતો નથી. કેમકે ઇસ્લામનો અર્થ થાય છે ઇતાઅત અર્થાત તાબેદારી. વળી એ પછી ફરમાવેલ છે કે જ્યારે ખુદા કોઇના દિલને વિશાળ કરી દે છે તો જ સાચા અર્થમાં ઇસ્લામ (ફરમાનબરદારી)નું પરિપાલન કરી શકે છે. જ્યારે તે હાદીએ બરહકની ફરમાનબરદારી કરે છે તો તેના દિલ અને દિમાગમાં ઉત્તરોત્તર ખુદાવંદ તઆલાનું નૂર પ્રગટ થવા લાગે છે અને ખુદાનો ઝિક્ર આપોઆપ થવા માંડે છે.

હૃદયમાં સંપુર્ણ સત્ય તથા પુર્ણ પરિચયના જીવંત ચમત્કારો મૌજુદ છે તેનાથી ઉલ્ટું, જે લોકોનાં દિલ સંકુચિત અને અંધકારભર્યાં હોય છે તેઓ સાચો ઇસ્લામ કબુલ કરી શકતાં નથી જેના કારણે તેઓનાં દિલ ખુદાના નૂરનાં અજવાળાં ઝીલી શકતા નથી તેમ ન તો તેઓનાં હૃદયોમાં ખુદાનો ઝિક્ર પણ જાગૃત થઇ શકે છે. પછી તેઓ રૂહાની હૃદયરોગનો ભોગ બનીને ગુમરાહી તથા આત્મિક અંધાપારૂપી ભવાટવિમાં ભટકતા રહીને નાશ પામે છે.

## પૃથ્વી પોતાના પરવરદિગારના પ્રકાશથી ઝળહળી ઉઠશે.

ઉપરોક્ત સુરહમાં પાક પરવરદિગારે પોતાના નૂર યાને પવિત્ર નૂરે ઇમામતના વિવિધ પ્રકારના પ્રકાશન પરત્વે પેશીનગોઇ ફરમાવી છે કે, "અને પૃથ્વી પોતાના પરવરદિગારના પ્રકાશથી ઝળહળી ઉઠશે. અને આમાલનામાં રાખી દેવામાં આવશે અને પયગમ્બરો તથા ગવાહોને લાવવામાં આવશે અને એ (સામાન્ય માનવીઓ) વચ્ચે સત્ય પુર્ણ ફેસલો કરવામાં આવશે અને તેઓ પર કોઇ જુલમ કરવામાં નહિ આવે." (૩૯/૬૯)

આ પવિત્ર આયતમાં કુર્આનના ઉતરાણ દરમ્યાન નૂરે ઇમામત તથા રૂહાની પ્રસંગોના બારામાં આગમવાણી ભાખવામાં આવી છે અને તે વ્યકિતગત રૂહાનિયત, સામુદાયક રૂહાનિયત, અથવા તો રૂહાની દોર વ્યકિતગત કયામત તથા સામુદાયક કયામતના સંદર્ભમાં છે.

હકીકતી મોમનની વ્યકિતગત રૂહાનિયતમાં ઇમામતના નૂરથી જે બરકતો પ્રાપ્ત થાય છે તે સંબંધે આ આયતે કરીમાની પેશીનગોઇ એ રીતે છે કે પયગમ્બર સલ્અમની તન્ઝીલી હિદાયત અને ઇમામે વકતની તાવીલી હિદાયત પર અમલ કરવાના ફલ સ્વરૂપે દરેક હકીકતી મોમનના દિલની ધરતી પોતાના પરવરદિગારના પ્રકાશથી ઝળહળી ઉઠશે તેની રૂહાનિયત એક જીવંત કિતાબના સ્વરૂપે ચમત્કારિક વાતચીત કરશે પયગમ્બરોના પવિત્ર આત્માઓ પોતપોતાના ચમત્કારો અને બધા જ પ્રસંગો સહિત તેની રૂહાની અનુભુતીમાં આવશે. વળી ગવાહો યાને પવિત્ર ઇમામો અલય-હિમુસ્સલામના પાક નૂરની રૂહાની ઝબુરાતો થશે અને એ મોમિનના લાભમાં અદલ ઇન્સાફ સહિત ફેસલો કરશે.

વ્યકિતગત રૂહાનિયતમાં નૂરે ઇમામત એ રીતે અસર ઉપસાવે છે કે અલ્લાહતઆલાનું આ નૂર જે જાહેરી અને બાતિની હિદાયત સ્વરૂપે પયગમ્બર સલ્અંમ પછી ઇમામતની પરંપરામાં પ્રગટ થતું રહ્યું છે અને જે પ્રકારે ઇલ્મ તથા હિકમતનો સતત પ્રકાશ આ દુનિયાવાળાઓને આપી રહ્યું છે તેના પરિણામે છેવટે એક એવો પણ જમાનો આવનાર છે કે જેમાં માનવ જગત ઇલ્મ, હુન્નર, વિદ્યાકળા, જ્ઞાન વિજ્ઞાન તથા સંસ્કાર અને સદ્દભાવનાંની પરકાષ્ટા પર પહોંચી જશે. દરેક જાતની બુરાઇઓ નાબુદ થઇ જશે એ રીતે સત્યનો જય અને પાપનો ક્ષય થશે ને હક હકીકતની બોલબાલા થશે. ખોટી માન્યતાઓની મૂર્તિઓ

મોંભર પડી જશે અને જે સાચી માન્યતા છે તે જ વિજયવંત થશે. અને તેને જ ઉન્નતિ વેગ અને વિકાસ પ્રાપ્ત થશે.

આ થયો "જમીનનો પોતાના રબના નૂરથી ઝળહળી ઉઠવાનો" સાચો ભાવાર્થ, જમીનનો મતલબ અહિં માનવજાતિ છે. જે પવિત્ર નબીઓ તથા ઇમામો (અલયહિમુસ્સલામ)ના નુરની બરકતોની હમેશા મોહતાજ રહી છે. બીજું કે વિવિધ માન્યતાઓને આમાલનામાની ઉપમાં આપવામાં આવી છે પયગમ્બરો તથા ઇમામોનો એક જ દીન હતો. જેની તરફ એ તમામ બુઝુર્ગો જાહેરી તેમ જ બાતિની રીતે લોકોને દાવત આપતા રહયા છે. તો ઉપરોકત જમાનો—જયારે જમીન પોતાના પરવરદિગારના પ્રકાશથી ઝળહળી ઉઠશે એ — સમસ્ત નબીઓ, ઇમામો તથા સમસ્ત મોમિનોની ફતેહમંદી અને સફળતાનો દિવસ છે જેની આગમવાણી કુરઆને હકીમમાં ઠેર ઠેર ઉચ્ચારવામાં આવી છે.

વ્યકિતગત તથા સમુહગત રૂહાનિયતની ઉપરોકત બેઉ સ્થિતિઓને કયામતના નામથી પણ આપણે ઓળખી શકીએ છીએ. એવી કયામત ઇન્સાનની જીંદગીમાં આવે છે.

હવે રહયો સવાલ નુરે ઇમામત અને કયામતના સંબંધે જે ઇન્સાનના શારીરિક મૃત્યુ પછી આવવાની છે. જે વ્યકિતગત રીતે પણ છે અને સમુહગત રીતે પણ છે. જેના દાખલાઓ ઉપર જણાવેલા છે. પરંતુ એમાં આ વાત જરૂર યાદ રહે કે શારીરિક જીવનમાં જે પણ રૂહાનિયત તથા કયામત આવે છે એ અંશત હોય છે અને મરણ પછી જે કયામત આવનાર છે તે સર્વાંગી હશે. સારાંશ કે પવિત્ર ઇમામ અલયહિસ્સલામના નૂરને માટે દુનિયા તથા આખિરતવાળા હમેશા મોહતાજ રહયા છે.

## નૂરનાં મહાન રહસ્યો

સુરહ શુરાની આખરી રૂકુઅની હિકમત સભર વાણીનું તત્વ દોહન એ છે કે અતિ પવિત્ર માનવ સ્વરૂપના ઉત્કૃષ્ટ સ્થાન પર અલ્લાહતઆલાના મહિમાવાન નૂરના દીદારની ઝલકની અમુક પળો પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ એ ઉચ્ચતર દીદારની સાથે સાથ ખુદાઇ વાર્તાલાપ પ્રાપ્ત થઇ શકતો નથી, હા—એકરાર હિકમત સભર સંકેત કે એંધાણી મળી શકે છે. બાકી ખુદાઇ વાર્તાલાપ તો એ દીદારથી નીચેના તબક્કામાં, પડદા પાછળથી થાય છે અને એ ખુદાઇ કલામના નીચેના તબક્કામાં ફરિશ્તા દ્વારા "વહી" આવી શકે છે.

આનો અર્થ એ થયો કે રૂહાનિયતની જેટલી લાંબી પરંપરા છે તેના ખાસ ત્રણ તબક્કા છે જેમાં સૌથી નીચલા દરજ્જામાં જીબ્રઇલ અલયહિસ્સલામ વહી લાવે છે તેની ઉપરના દરજ્જામાં નૂરે ઇલાહી પોતે જ પડદા પાછળથી વાતો કરે છે અને બધાથી ઉપરના દરજ્જામાં એ નૂર શારીરિક સ્વરૂપમાં થોડી પળોને માટે પોતાનું પુર્ણ પ્રકાશન કરે છે. પરંતુ આ પ્રકાશનની પરાકાષ્ટા રૂપી દીદારનાં પ્રસંગે વાત નથી થતી પરંતુ એક સ્પષ્ટ ઇશારો જરૂર થાય છે.

ખુદાઇ કાનૂન અનુસાર અલ્લાહતઆલાએ આંલમે અમ્ર (આજ્ઞાર્થ જગત)માં એક મહાન રૂહ, આં હઝરત સલ્અમ પર વહી સ્વરૂપે નાઝિલ કર્યો હતો અને અલ્લાહતઆલાએ હુઝૂરે અકરમ સલ્અમની એ રૂહાનિયત કે જે વહી પણ હતી અને રૂહ પણ — તેને નુર સ્વરૂપી બનાવી જેની રોશનીમાં પયગમ્બરે ખુદા સર્વજ્ઞ થઇ શકયા અને એ જ નૂરની રોશની વડે અલ્લાહ–

તઆલા પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને હિદાયત કરે છે.

તાત્પર્ય કે નૂરે ઇમામત "અવહયના ઇલયકા રૂહન" (અમે તારી તરફ રૂહ ઉતાર્યો) ના અર્થમાં માત્ર વહી અને કુર્આને નાતિક જ નહિ પણ એક મહાન રૂહ પણ છે. અને જ્યાં "જઅલ્નાહુ નૂરન" (અમે તેનામાં નૂર ઊતાર્યું) નો ઇશારો આવે છે, ત્યાં તેનો ભાવાર્થ, નૂરે ઇમામત, આસ્માની કિતાબ યાને કુર્આને સામિત (મુગું કુર્આન) તથા તેનાં રહસ્યો માટેની રોશની પણ છે. અને "યહદી બેહિ મન્યશાઓ ઇબાદના" (અમારા બંદાઓમાંથી જેને ચાહીએ તેને હિદાયતથી વિભુષિત કરીએ છીએ)—આ પવિત્ર ઇર્શાદની રૂએ સ્પષ્ટ થાય છે કે એ (હિદાયતી) નૂર એ જ છે, જેનાથી અલ્લાહ તબારક વ તઆલાએ આં હઝરત સલ્અમની પહેલાંના તમામ નબીઓને પણ વહી દ્વારા હિદાયતથી વિભુષિત કર્યા હતા. જ્યારે રસૂલે ખુદા સલ્અમને એ નૂરની પ્રાપ્તિ થઇ તો આપે પોતાના સમયમાં એ જ નૂર દ્વારા સિરાતિલ મુસ્તકીમની હિદાયત ફરમાવી હતી, અને ભાવી હિદાયતને માટે આં હુઝૂર સલ્અમે ખુદાઇ આજ્ઞાનુસાર ઇમામ અલયહિસ્સલામની નિમણુંક ફરમાવી, ત્યારે એ નૂર પવિત્ર ઇમામોમાં ઊતરી આવ્યું (એ સર્વોતમ સાહેબો પર સલવાત અને સલામો) અલહમ્દોલિલ્લાહ આ બધી વિગતો અને હિકમતો કુર્આની તત્વબોધની પરિભાષામાં રૂહાની અનુભુતીઓના અજવાળામાં પ્રગટ થઇ શકે છે.

નૂરની ચમત્કાર :

સુરહ હદીદની આઠમા આયતમાં નૂરના સંબંધે બારી

તઆલાનો ઇરશાદ છે કે;

"તે (અલ્લાહ) એવો છે કે જે પોતાના બંદાઓ પર સ્પષ્ટ નિશાની ઉતારે છે કે જેથી તમને તે અંધકારમાંથી નૂર તરફ દોરી જાય અને બેશક અલ્લાહતઆલા તમારા પર બહુ જ હેતાળ અને મહેરબાન છે."

અહિં બુધ્ધિ પૂર્વકના ચિંતનમનનથી બહુ જ વિચાર કરવાનો છે કે જે અંધકારમાંથી એક મુસલમાન યા એક મોમિન હાદીએ બરહક વગર પોતાની મેળે નીકળી નથી શકતો તે કેવી જાતનો અંધકાર છે? તે શું એ જ અંધકાર છે જે જહાલત તથા અજ્ઞાનતા તેમજ સ્થળકાળની મુંઝવણોથી માણસના દિલમાં ઉત્પન્ન થાય છે? સ્પષ્ટ છે કે તે અંધકારનો મતલબ એ જ છે તો પછી અવશ્ય આપણે એ પણ માનવું જ પડશે કે જહાલત, નાદાની તથા નવા નવા કોયડાઓના અંધકારમાંથી નીકળી આવવાનું સાધન માત્ર એક એવી તાજેતાજી હિદાયત જ હોઇ શકે છે જે અલ્લાહ તઆલાની તરફથી નાઝિલ થતી હોય અને એવી રબ્બાની હિદાયત, આં હઝરત સલ્લલ્લાહો અલયહિ વ આલેહિ વસલ્લમ પછી ઇમામે વક્ત અલયહિસ્સલાતો વસ્સલામના જ વસીલાથી પ્રાપ્ત થઇ શકે છે. તો એ જ હિકમત ઉપરોક્ત આયતમાં છુપાયેલી છે.

કુર્આને હકીમના આ બરકતસભર શબ્દોને અજવાળે કે; એ (અલ્લાહ) એવો છે જે પોતાના બંદાઓ પર સ્પષ્ટ નિશાનીઓ નાઝિલ કરે છે." એ ઉપરથી માલુમ થયું કે: ખુદાના એક ખાસ બંદા (ઇન્સાને કામિલ) જ હરઝમાનામાં મોજુદ હોય છે એટલું જ નહિ પરંતુ સાથોસાથ ખુદાની કૃપા તથા હિદાયત પણ સદાકાળને માટે વરસતી રહે છે જે પોતાના ખાસ બંદા ઉપર, બદલતા રહેતા

સંજોગો અનુસાર હિદાયત નાઝિલ કરે છે અને ખુદા તઆલાના સંપૂર્ણ અદ્લ અને ઇન્સાફની રૂએ એ જ સાચું છે કે અલ્લાહ તઆલાના નૂરનું હિદાયતનું મૂળ ઝરણુ જાહેરી અને બાતુની રીતે સદાકાળને માટે જારી રહે છે. તેથી સરવરે કાયનાત સલ્અમ પર નબવીયુગ દરમ્યાન કુર્આને પાકની જાહેરી નિશાનીઓ (આયાત) નાઝિલ થતી રહી જેને તન્ઝીલી નિશાનીઓ અને જાહેરી હિદાયત કહેવામાં આવે છે અને દરેક જમાનાના ઇમામે બરહક અલયહિસ્સલામ પર કુર્આને હકીમની બાતિની નિશાનીઓ નાઝિલ થતી રહે છે. જેને તાવીલી નિશાનીઓ અને બાતિની હિદાયત કહેવામાં આવે છે. કે જેથી કયામતના દિવસે કોઇ જમાનાના લોકો એવું બહાનું કરી ન શકે કે તેમના જમાનામાં અલ્લાહની હિદાયતનું કોઇ સરળ સાધન મોજુદ નહિ હતું.

અગર કોઇ પોતે જાતે આ હકીકતનું સંશોધન કરીને સંતુષ્ઠ થવા ઇચ્છતો હોય કે કેવી રીતે આસ્માની કિતાબના સંપૂર્ણ ઉતરાણ પછી લંબાણ અરસા સુધી તેની અનુક્રમે તાવીલ નાઝિલ થતી રહે છે અને કેવી રીતે તાવીલનું પરિપૂર્ણ અવતરણ થઇ રહ્યા પછી કયામત કાયમ થઇ જાય છે, તો તેને માટે કુર્આને હકીમની એ બધી જ આયતો પર વિચાર કરે જે તાવીલને લગતી છે, ખાસ કરીને ૧૦/૩૯, ૧૨/૬, ૧૨/૨૧, ૧૨/૧૦૧ અને સૌથી વધારે ૭/૫૩ પર ચિંતન મનન કરવામાં આવે, તો ચોકખું જણાઇ આવશે અને સંતોષ થઇ જશે કે માત્ર આસ્માની કિતાબોની ઉતરેલી આયતોની તાવીલ જ નાઝિલ થતી નથી રહેતી, બલ્કે બીજી પણ ઘણી બધી ચીજોની તાવીલ, લંબાણ અરસા પછી જાહેર થતી રહે છે.

તો જાણવું જોઇએ કે ઇમામે ઝમાન અલયહિસ્સલામ

સલવાતુલ્લાહો અલયહિની પવિત્ર હિદાયતથી જ્યારે હકીકતી મોમનના દિલમાંથી જહાલત અને નાદાનીનો અંધકાર દૂર થઇ જાય છે તો તે વખતે ઇમામે આલી મુકામના નૂરના જ્ઞાન-પ્રકાશિત ચમત્કારો તેના દિલ અને દિમાગમાં જાહેર થવા લાગે છે અને હમેશા તે પોતાના અંતઃકરણમાં એક અદ્દભુત ઇલ્મી દુનિયાની અનુભુતી કરી શકે છે "અલ્લાહતઆલા પોતાના ખાસ બંદાઓ પર પોતાની સ્પષ્ટ નિશાનીઓ જાહેર કરે છે"—એ અર્થની આયતનો આ જ હેતુ છે. ઇન્સાને કામિલ પયગમ્બર અથવા ઇમામ) મોમિનોને અંધકારમાંથી પ્રકાશ તરફ આ જ અર્થમાં દોરી જાય છે.

## મોમિન ગૃહસ્થો, મોમિન સન્નારીઓ અને નૂર :

સુરહ હદીદની બારમી આયતમાં વ્યકિતગત રૂહાનિયત તથા કયામતના યુગના ઇમાનવાળાઓ અને નૂરે ઇમામતના બારામાં ઇર્શાદ છે કે :

(યાદ કરો તે દિવસને કે) જ્યારે આપ, જોશો કે મોમિન ભાઇઓ અને મોમિન બહેનોની આગળ તથા જમણી તરફ નૂર હરતું ફરતું હશે, આજ તમને વધામણાં છે એવા બાગબગીચાઓનાં કે જેની નીચે નહેરો વહી રહી છે ને તે (બાગ) માં તમે સદાને માટે રહેશો એ જ મોટી કામ્યાબી છે."

ઉપરોકત પવિત્ર આયતનો તત્વબોધ એ છે કે દરેક જમાનાની વ્યકિતગત રૂહાનિયત પણ હોય છે અને કિયામતમાં પણ હયાત હાઝર નાઝર ઇમામ અલયહિસ્સલામનું પવિત્ર નૂર, મોમિન ભાઇ બહેનોની સાથે તેમના લલાટ પર અથવા જમણી તરફથી બોલતું હશે અર્થાત હકીકતી મોમન રૂહાનિયતની બેશુમાર

મંઝિલો એ નૂરની રોશની તથા દોરવણી દ્વારા પસાર કરી શકશે અને તેને દીની તેમજ દુન્યવી દરેક પ્રકારની ભલાઇ સુખ સંપતિ પ્રાપ્ત થઇ શકશે;

અહિં અલબત એક વાત લક્ષમાં લેવા જેવી છે કે વિવિધ પ્રકારે એ નૂરની બરકતોનું વર્ણન કુર્આને હકીમમાં મળી આવે છે. ક્યારેક તો એ પવિત્ર નૂર પોતેજ અલ્લાહ હોવાનું જણાવવામાં આવ્યું છે કયારેક કહેવાયું છે કે એ "નુર અલ્લાહનું" છે કયારેક તેને રોશન ચિરાગની ઉપમા આપવામાં આવી જે ઉપરથી માલુમ પડે છે કે એ નુર પયગમ્બર સલ્અમનું છે; અમુક આયતો રૂપકની ભાષામાં એ નુર ઇમામે ઝમાન (અ.સ.)નું હોવાનો ઇશારો કરે છે અને અહિં, પ્રસ્તુત આયત ઉપરથી જણાય છે કે એ નુર મોમિન ભાઇબ્હેનોનું છે, તો હકીકતી મોમનોએ એ નુરની સર્વવ્યાપી કાર્યપદ્ધતિ તથા તેનાં પ્રગટ પ્રસરણ પરત્વે ચિંતન મનન કરવું જોઇએ કે એ એક જ નુરની અનેક જ્યોતિ પાછળ શું રહસ્ય છે!

તો જાણવું જોઇએ કે નુરનાં આ વિવિધ પ્રગટ સ્થાનો પોતપોતાની જગ્યાએ તદ્દન સુયોગ્ય અને સાચાં છે તેમાં જરા પણ શંકાને અવકાશ નથી. વળી તેની અનેક જ્યોતિઓ છતાં મૂળભુત રીતે તો તે એક જ છે અને જરા પણ દ્વૈત જેવું નથી. અને "અલ્લાહુ નુરૂસ્સમાવાતે વલ અર્ઝ"નો સાચો તત્વબોધ પણ એ જ છે.

## મુનાફિક સ્ત્રીપુરૂષો અને નુર

સૂરહ હદીદની ૧૩મી આયતમાં મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ તથા નુરે ઇમામતના વિષે અલ્લાહ તબારક વ

Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

તઆલાનો પવિત્ર ઇર્શાદ છે કે (યાદ કરો કે) તે દિવસે મુનાફિક સ્ત્રી પુરૂષો મોમિનોને કહેશે કે :

જરા થોભો કે જેથી અમે પણ તમારા નુરમાંથી થોડોક પ્રકાશ લઇ લઇએ; તો તેઓને જવાબ દેવામાં આવશે કે તમે પાછા વળી જાઓ ને પછી ત્યાંથી જ રોશનીની શોધ કરો.

અત્રે એ જાણવું જરૂરી છે કે મુનાફિક લોકો માત્ર કિયામતના દિવસે જ નહિ, પણ હર જમાનામાં ઇમાનવાળાઓની ઝડપી પ્રગતિ તથા દીની દુન્યવી તરક્કી પરત્વે ઇર્ષાની નજરે જોતા રહેશે; જે મોમિનો ઇમામતના નુરના અજવાળામાં સાધી રહયા હોય છે અને એ જોઇ મુનાફિકોના અંતરાત્માઓ પુકારી ઉઠતા હોય છે કે જરા ઊભા રહો, અમે પણ તમારા ઇમામ (નુર)ની દિવ્ય હિદાયતનાં જાહેરી તથા બાતુની અજવાળાંનાં થોડાંક કિરણો ઝીલી શકીએ : તો તેઓને જવાબ દેવામાં આવે છે કે તમે તો ઇતિહાસ અને માન્યતાઓની દ્રષ્ટિએ ભૂતકાળમાં પાછા જઇને નવે શિરે સત્યની શોધ કરો ને તમે લોકોએ જે જમાનાથી આ પાક નુર (ઇમામત)નો પાલવ છોડી દીધો હતો તેના વિષે વિચાર કરો —ચિંતન મનન કરો ને પોતાની ભૂલોનો સ્વીકાર કરી એ બદલ સાચા હૃદયે પશ્ચાતાપ કરો ને પોતાના અકીદા સુધારી લ્યો (ત્યારે તમને એ નુરે ઇમામતનાં અજવાળાં ઝીલવાની યોગ્યતા પ્રાપ્ત થશે).

## નૂરની પ્રાપ્તિનો મહિમા

સુરહ હદીદની ૧૯ મી આયતમાં અલ્લાહ તબારક વ તઆલાનું મુબારક ફરમાન છે કે; "અને જે લોકો અલ્લાહ અને તેના રસુલો પર (પરિપૂર્ણ) ઇમાન લાવી ચૂકયા છે એવા લોકો

પોતાના રબની નજરે સિદ્દીકો, તથા શહીદો છે અને તેમને માટે સર્વોત્તમ બદલો તથા નૂર (ની પ્રાપ્તિ) છે.

આ આયતે કરીમાના બાતિનમાં અનેક દિવ્ય હિકમતો સમાયેલી છે જેમાંની એક હિકમત તો સદાકત (સિદ્દીકોનો મુખ્ય સદ્ગુણ સચ્ચાઇ) પણ છે જે રૂહાનિયતના માર્ગમાં ઇમાન પરિપુર્ણ થવાથી પ્રાપ્ત થાય છે. જયારે સદાકત પરિપુર્ણતાના શિખર પર પહોંચી જાય છે ત્યારે હકીકી મોમિનના દિલમાં જિહાદનો જુસ્સો અને શહાદતનો શોખ જાગી ઉઠે છે. વળી શહાદતના પણ ઘણા બધા સોપાનો છે અને અંતે એના શિખર સ્થાને વિરાજી રહેલા નૂર દિવ્યતા ધન્યતા પુર્ણ પ્રકાશ) નો દરવાજો તેને માટે ખુલી જાય છે.

તાત્પર્ય કે હકીકી મોમિનની રૂહાનિયતનો સૌથી ઊંચો દરજ્જો એ છે કે જ્યાં તેને ઇમામેઝમાન અલયહિસ્સલામના બરકતવંતા અને પવિત્ર નૂરના દિવ્ય અને પરિપુર્ણ દીદારની અનુભુતી પ્રાપ્ત થાય. આ એજ વહેદત (એકત્વ) નું સ્થાન છે જયાં હકીકતી મોમિનના આત્માઓ ઇમામે આલી મુકામ અલયહિસ્સલામના દિવ્ય નૂર સાથે એક થઇ જાય છે.

—અને એટલા માટેજ ઉપરોક્ત આયતે કરીમામાં ઇર્શાદ આવ્યો કે: જે મોમિનો ખુદા અને તેના રસૂલો પર ઇમાન લાવ્યા તેઓ પોતાના પરવરદિગારની નજરે સિદ્દીકો અને શહીદો જેવા છે યાને એવા મોમિનો અસાસ (હઝરત મોલાના મુર્તુઝા અલી અલયહિસ્સલામ) તથા ઇમામોના નૂરમાં વાસલ થઇ ચૂકયા છે: કેમકે તાવીલની પરિભાષામાં સિદ્દીક અસાસ (અ.સ.) ને કહેવામાં આવે છે. (જેમકે આં હઝરત સલ્અમની હદીસ છે કે: યા અલી!

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

આપ સિદીકે અકબર છો... અર્થાત અગાઉ થઈ ગયેલા બધાજ અસાસો–વસીઓમાં સૌથી મોટા અસાસ છો) અને શુહદા (શહીદો) તે ઇમામો છે (એ સમસ્ત પવિત્ર બુઝુર્ગો પર ઉત્તમોત્તમ સલવાત તથા સલામો હોજો.)

પુર્વે થઇ ગયેલા પયગમ્બરોમાંના છ મોટા પયગમ્બરોને નાતિક કહેવાય છે અને એવા છ નાતિક પયગમ્બરોના છ અસાસ થઇ ગયા છે. એ મુજબ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમના અસાસ હઝરત મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલાતો વસ્સલામ છે. જેમણે વ્યક્તિગત રીતે કુર્આને શરીફની તાવીલ કરીને હુઝૂરે અકરમ (સલ્લમ) ની નબુવ્વત તથા રિસાલતની સચ્ચાઇની ગવાહી આપી (તસ્દીક કરી) એટલું જ નહિ પણ પોતાની અતિ પવિત્ર પુત્ર પરંપરામાં થનારા ઇમામોની ઇમામત દ્વારા પણ એ તાવીલનો દરવાજો ખુલ્લો રાખ્યો કે જેથી સદાને માટે આં હઝરત સલ્લમની પયગમ્બરીની તસ્દીક થતી રહે (સમર્થન મળતું રહે) અને એ જ તાવીલી તસ્દીક (તત્વબોધ રૂપી સમર્થન) ની જરૂરતને લક્ષે નજર રાખીને અલ્લાહ તઆલાએ દરેક નાતિક પયગમ્બરની સાથે એક એક સિદ્દીકની નિયુક્તી ફરમાવી. સીદીક એટલે કે સચ્ચાઇનું સમર્થન કરવાવાળા શોહદા (શહીદો) તે ઇમામોના અર્થમાં છે કેમકે શહીદનો અર્થ છે સાક્ષીઓ અને ઇમામો (અલયહિમુસ્સલામ) દુનિયાવાળાઓના આમાલ (કર્તવ્યો) ના ગવાહ (સાક્ષી) હોય છે અને તેઓ પરંપરાગત રીતે જમાન અને જમાનામાં સદૈવ હાજર નાજર હોય છે.

## નૂર, હિદાયતનું મૂળ ઝરણું છે

ખુદાએ નિયુક્ત કરેલ નૂરની મૌજુદગી અને હિદાયત વગર કોઇ પણ માન્યતા કે મઝહબ દીર્ઘકાલ પર્યંત, સ્વર્ગકાળના

ભયંકર અંધારાંમાંથી સહી સલામતીની સાથે પસાર થતો થતો હોજેકૌસર પર પહોંચી ન જ શકે, તેમ ન તો કોઇ દીનનું પ્રાથમિક અસ્તિત્વ એક સાકાર નૂરની માન્યતા વગર સાબિત થઇ શકે; અને એજ હકીકતના સંદર્ભમાં સૂરહ હદીદની અઠ્ઠાવીસમી આયતનો આ ઇર્શાદ છે કે હે ઇમાન વાળાઓ, અલ્લાહથી ડરો અને તેના રસૂલ (મોહમ્મદ સલ્અમ) પર ઇમાન લાવો. (કે જેથી ખુદા) તમને પોતાની રહેમતથી બમણું આપશે અને તમારે માટે એવું નૂર મુકર્રર કરશે કે તમો તેને અજવાળે આગળ વધી શકશો અને તમને માફી આપી દેશે અને અલ્લાહ બહુ મોટો માફ કરનાર મહેરબાન છે.

આ બરકત સભર આયતની તફસીર એ છે કે ઇમાન વાળાઓ જેઓ ઇસ્લામના વર્તુળમાં પ્રવેશી ચૂક્યા છે તેઓ હવે ખુદાથી ડરે યાને મન વચન અને કર્મમાં પરહેઝગારીથી વર્તે અને ખુદાના રસૂલ હઝરત મુહમ્મદ સલ્અમ પર સંપૂર્ણ શ્રધ્ધા રાખે યાને સાચા અર્થમાં હકીકતી મોમન બની જાય કે જેથી અલ્લાહ તઆલા, રસૂલે મકબૂલ સલ્અમ દ્વારા તેઓને પોતાની અપરંપરા રહેમતથી બમણું ઇનાયત કરે અર્થાત ઝાહેરી તેમજ બાતુની બન્ને પ્રકારે હિદાયતની દૌલતથી કૃતાર્થ કરે અને તેઓને એવા નૂર (ઇમામે ઝમાન અલયહિસ્સલામ) ની શનાખત આપે કે જેનો સિલસિલો કયામત સુધી ચાલવાવાળો છે. અને તેને અજવાળે હકીકતી મોમિનો સ્થળકાળના સંજોગો અનુસાર પ્રગતિની કેડી પર કદમ બઢાવતા રહે ને છેવટે સહીસલામતીથી હોઝે કવસરને કિનારે પહોંચી જાય.

## પયગમ્બર (સલ્અમ) તથા ઇમામ (અસ.) નું નૂર

અહિં સુધી નૂરની વિવિધ દ્રષ્ટિકોણથી અને અનેક આયાત

કરીમાને અજવાળે વ્યાખ્યા કરવામાં આવી એ ઉપરથી વાંચકો સમજી ગયા હશે કે પવિત્ર ખુદાવંદનુ નૂર અને તેનાં પ્રત્યક્ષ પાત્ર, ઇન્સાનોને હિદાયત આપવા માટે માનવ સ્વરૂપે હમેશા આ જગતમાં હાજરનાજર મૌજુદ રહે છે જેની હાજરી અને મૌજુદગી વગર દીનની દુનિયા (ધર્મ વિશ્વ) નું અસ્તિત્વ જ અસંભવિત છે તેનું સ્પષ્ટ રૂપક જાહેરી જગતનો સૂર્ય છે જેના પ્રકાશથી અને જેની ઉષ્માંથી જ જગતનાં પ્રાણી માત્રમાં વનસ્પતિમાં ને પશુ પંખીમાં ચેતન ધબકી રહ્યું છે. સૂરજની હાજરી વગર પૃથ્વી પટ પરથી જીવસૃષ્ટિનો લોપ થઇ જાય કેમ કે સમસ્ત ભૌતિક જગતની સમસ્ત ચેતના સૂરજ પર જ આધારિત છે.એવું જ ખુદાઇ નૂરના મઝહરનું છે. જે કયારેક તો પયગમ્બરના સ્વરૂપમાં તો કયારેક ઇમામ (અ.સ.) ના સ્વરૂપે હાજર હોય છે. જેના આદિ અનાદિ અસ્તિત્વ થકી જ દીની સૃષ્ટિનું સર્જન તેમજ પાલણ પોષણ થતું રહે છે. એ જ પવિત્ર પ્રત્યક્ષ પાત્રની મુબારક ઝાત દ્વારા જ દીની તથા રૂહાની હિદાયત મળતી રહે છે.

અગર આલમેદીનમાં જો એ પ્રગટ નૂરનો ઝહુર ન હોય તો બધાજ ધર્મો નષ્ટ થઇ જાય અને એ જ અર્થને અનુલક્ષીને ઇર્શાદ થયો કે "વકુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન". જેનો ભાવાર્થ એ છે કે ઇમામે ઝમાન અલયહિસ્સલામના પવિત્ર પગલાંને પ્રસાદે અને પ્રતાપે જ દીનની બધી વસ્તુઓ સુરક્ષિત અને સુવ્યવસ્થિત છે એ મૌલાની પવિત્ર ઝાત જ લૌહે મેહફૂઝની પેઠે સર્વોચ્ચ છે અને વસ્તુ માત્ર તેમના પવિત્ર નૂર વડે ઘેરાયેલી છે.

નૂરે ઇમામતનું આ અનાદિ સિદ્ધત્વ અને એ નૂરની જ્યોતિને બુઝાવવા માટે કાફિરો તરફથી કરાયેલા અને કરાતા રહેલા પ્રયાસોના બારામાં સૂરહ સફની આઠમી આયતમાં ઇર્શાદ છે કે: તેઓ (કાફિરો)

અલ્લાહના નૂરને પોતાના મોઢા (ની ફુંકો) વડે ઓલવી નાખવાના પ્રયાસો કરે છે પરંતુ અલ્લાહ પોતાના નૂરને પરિપૂર્ણ કરનાર છે ભલેને તેથી કાફિરોને ખોટું લાગે !!

અત્રે જાણવું જરૂરી છે કે અલ્લાહતઆલાના નૂરનું મઝહર પ્રત્યક્ષ પાત્ર જો પ્રગટ સ્વરૂપે ન હોત અને બાતિનમાં હોત તો કાફિરો ખુદાના નૂરને બુઝાવવાની કોશીશ કરી જ ક્યાંથી શકવાના હતા ? કેમકે કાફિરોના ઇરાદા તો દુનિયાની જાહેરી વસ્તુઓ સુધી જ મર્યાદિત હોય છે. બાતિનમાં તો તેઓનો ગજ વાગવાનો સવાલ જ ઉભો નથી થતો. અને જો એમજ હોત તો અલ્લાહ તઆલા પણ તેઓના દુષ્ટ ઇરાદાઓનું ખંડન કરતાં એમ શા માટે ફરમાવતે કે હું તો મારા નૂરને પરિપૂર્ણ કરવાનો છું. ભલેને કાફરો ગમે એટલા ધમપછાડા કરે ! આ ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે કે ખુદાનું નૂર આ ભૌતિક જગતમાં જાહેર છે.

### ખુદા, રસૂલ અને નૂરે ઇમામત

સુરહ તગાબૂનની આઠમી આયતમાં પાક ખુદાવંદ કરીમનો ઇર્શાદ છે કે : ...તમે ખુદા અને તેના રસૂલ પર અને એ નૂર જે અમે નાઝિલ કર્યું તેના પર ઇમાન લાવો અને અલ્લાહ તમારા બધાં જ કર્તવ્યોથી સુપરિચિત છે.

આ આયાતે કરીમા ઉપરથી જે હકીકત સ્પષ્ટ થાય છે તેનાથી કોઇ પણ સમજદાર માણસ ઇન્કાર કરી શકે એમ નથી કે તેમાં ત્રણ પવિત્ર વ્યકિતઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને અનુક્રમે એ ત્રણેયની પવિત્ર ઝાત પર પરિપૂર્ણ ઇમાન લાવવાનું ફરમાન થયું છે.

Institute for Spiritual Wisdom and Luminous Science

સારાંશ કે સૌ પ્રથમ તો એ આદેશ મળ્યો કે અલ્લાહ પર ઇમાન લાવો ને આ હુકમ હેઠળ બધાં એવી સદ્દકર્યોની આજ્ઞા આવી ગઇ જે ખુદા પર ઇમાન લાવવા સંબંધે હોય છે. જેમ કે હકતઆલાના અસ્તિત્વનો સ્વીકાર, તેનાં નામ રૂપ અને ગુણકર્મો પર ઇમાન લાવવાનું. તેના ફરિશ્તા તેની કિતાબો અને તેના પયગમ્બરો પર ઇમાન લાવવાનું જે આં હઝરત સલ્અમની પહેલાં દુનિયામાં આવ્યા હતા.

પછી ઇર્શાદ છે કે તેના રસૂલ પર યાને હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્અમ પર ઇમાન લાવો. આ હુકમમાં મુસલમાનીની બધી જ બુન્યાદી બાબતોનો સમાવેશ થઇ ગયો છે જેમકે આં હઝરત સલ્અમની નબુવ્વત અને રિસાલત પર ઇમાન લાવવું. કુર્આનને પાકને સત્ય માનવું. ઇસ્લામ તથા આં હઝરત સલ્અમની સમસ્ત તાલીમનો સ્વીકાર કરવો વગેરે.

એ પછી અલ્લાહતઆલા ફરમાવે છે કે તમે એ નૂર પર પણ ઇમાન લાવો જે અમે નાઝિલ કરેલું છે. ચોકખી વાત છે કે એ નૂર તે પવિત્ર ઇમામતનું જ નૂર છે જે આદિકાળથી મૌજુદ છે. જેને અલ્લાહ તઆલાએ નાતિક (સલ્અમ) રૂપી નૂરાનિયતના નભોમંડળથી અસાસ (અલયહિસ્સલામ) રૂપી જમીન પર નાઝિલ ફરમાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો આં હઝરત સલ્અમના સર્વોત્તમ સદગુણોથી વિભુષિત વ્યક્તિત્વ દ્વારા હઝરત મૌલાના અમીરૂલ મોમેનીન સરકાર મૌલાના મુર્તઝા અલી અલયહિસ્સલાતો વસ્સલામની પવિત્ર ઝાતમાં તે ઊતરી આવ્યું અને તેવણ હઝરતની પવિત્ર પુત્ર પરંપરા દ્વારા કિયામત સુધી કાયમ રહેશે. એ મુબારક નૂર પર ઇમાન લાવવાનો અર્થ એ કે તે અતિશયથી અતિશય પવિત્ર પ્રકાશ પરંપરા રૂપી ઇમામતની

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ખાંદાનના બધા જ શુધ્ધ, નિષ્પાપ, મહા પવિત્ર ઇમામોને ખુદા તરફથી સમજવામાં આવે. (એ બધાજ બુઝુર્ગવારો પર ખુદાના સર્વોતમ દરૂદો અને સલામો) એવણુ હઝરતો પર એવું ઇમાન રાખવાનું અને તેમની જાહેરી તેમજ બાતિની હિદાયતો પર અમલ કરવાનો અને તેમના નૂરના સંકેતો સમજવાની કોશીશ કરવી. કેમ કે ઇન્સાનીયત તથા મઝહબના લંબાણ રસ્તાઓમાં જાત જાતના અંધકાર તથા મોટાંમોટાં વિઘ્નો આવે છે તેમાંથી ઊગરવાનો ઉપાય નુરે ઇમામતને અજવાળે જ સુઝી શકે છે.

વળી અલ્લાહ તબારક વ તઆલાએ પેલી મશહુર આયતે ઇતાઅતમાં ફરમાવેલ છે કે હે ઇમાનવાળાઓ. તમે અલ્લાહ તઆલાનું કહ્યું માનો. અને રસૂલનું કહ્યું માનો અને હુકમના અધિકારીઓનું પણ ફરમાન માનો. જે તમારી વચ્ચે (મોજુદ) છે. (૪:૫૯.)

તો એ આયતે કરીમાનો ભાવાર્થ પણ ઉપરોકત આવી ગયેલ સુરહ તગાબુનની આઠમી આયતના ભાવાર્થ તથા આશાર્થ સાથે અર્થસામ્ય ધરાવે છે.

આ ઉપરથી ફલિત થાય છે કે ઇમામે બરહક અલયહિસ્સલામ અમ્ર (આજ્ઞાધિકાર) તથા નુરે બન્નેનો દરજ્જો ધરાવે છે યાને જેવી રીતે ખુદા અને રસૂલે (સલ્અમે) ઇમામે આલી મુકામને સાહેબે અમ્ર તરીકે ઓળખાવ્યા એ જ પ્રમાણે નુર પણ તેમને જ સોંપ્યું છે. કેમકે નૂર વગર, ખુદાની મરજી તથા પસંદગી અનુસાર આજ્ઞાઓ આપી શકાતી નથી તેમ હિદાયતથી વધીને નૂરનો બીજો કોઇ હેતુ હોઇ શકતો નથી.

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## નૂર એક જીવંત ઝિક્ર

જાણવું જોઇએ કે મોજિઝા—ચમત્કારો હમેશા અત્યંત અદભુત હોય છે અગર તે એવા ન હોય તો તેને મોજિઝો કહીજ ન શકાય. કેટલાક હકીકતી મોમિનોને પોતાની જાતની ઓળખાણ ના એક ઊચ્ચ દરજ્જા પર એ હકીકતનું જ્ઞાન થાય છે કે નુરે ઇમામત એક અતિ ઊચ્ચ અને અતિશય પવિત્ર પુરૂષમાં પ્રકાશિત તો હોય છે જ પણ સાથેસાથ તે દરેક જ્ઞાની અને ઊચ્ચ રૂહાની દશાવાળા સાધક (મોમિન) ના અંતસ્તલમાં પણ પોતાની સંપુર્ણ કિરણાવલિઓની કલા સહિત પ્રગટ થાય છે. પણ આશ્ચર્ય તો જુઓ! કે એ નૂરસૂર્યની દિવ્ય કિરણાવલિઓથી ઝળહળી રહેલી રૂહાની સૃષ્ટિની એક એક વસ્તુ જાણે એક એક ફરિશ્તો છે. તેનામાં એક અતિ પવિત્ર રૂહ પણ છે અને તે પરિપુર્ણ અકલ પણ ધરાવે છે.

સારાંશ કે નૂરની અસંખ્ય ગુણ સંપતિમાંથી દરેક ગુણ એક જીવંત ફરિશ્તા તરીકે છે અને એ જ દ્રષ્ટિએ ઝિક્ર પણ નૂરની એક ચૈતન્ય સભર વિશિષ્ટતા છે જે કેટલાગ અર્થોથી વિભુષિત છે.

હવે ઝિક્ર કે જે નૂરનું જ મૂળ બીજ સ્વરૂપ છે તેના ઘણા પ્રકારો છે જેમ કે ઝિક્ર એટલે (૧) ખુદાની યાદ ખુદાનું નામ સ્મરણ (૨) ઝિક્ર એટલે સ્મરણ શક્તિ (૩) ઝિક્ર એટલે કુર્આને હકીમ (૪) ઝિક્ર એટલે ઉપદેશ અને (૫) ઝિક્ર, તે પયગમ્બર સલ્અમ અને ઇમામ અલયહિસ્સલામનો લકબ છે.

હવે કોઇ એવો સવાલ કરે કે ઝિક્રનો અર્થ યાદે ઇલાહી કેવી રીતે સમાયેલ છે? તો તેનો જવાબ એ છે કે હકીકતી

મોમનોને ખાતરી હોવી જોઇએ અને હોય છે જ કે નૂરનો સુર્ય ઇમામતના ગગનમાં પણ છે અને તેનું પ્રતિબિંબ સાધક મોમિનના દિલના અરીસામાં પણ હોય છે અને તે અલ્લાહ તઆલાના ચમત્કારિક ઝિક્ર—સ્મરણ અને નામરટણના સ્વરૂપે સ્વયંપ્રકાશિત હોય છે. યાને તે નૂરના અસંખ્ય ચમત્કારો પૈકી નો એક દિવ્ય ચમત્કાર હોય છે કે મોમિનના હૃદયરૂપી અરીસામાં અલ્લાહનાં મુબારક નામોમાંથી કોઇ પણ એક નામ આપમેળે કુદરતી અવાજ બનીને સતત ચાલતું રહીને "અજપા જાપ" (સતત સ્મરણ)નું રૂપ ધારણ કરી લ્યે છે. જેનું એક જાહેરી દ્રષ્ટાંત એવું છે કે જેને અવકાશયાત્રી પોતાના રોકેટ દ્વારા જ્યારે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની હદમાંથી બહાર નીકળી જાય છે એ વખતે તેનું રોકેટ સાવ વજન વિહોણું બની જાય છે અને પછી તે આપ મેળે ચક્રગતિએ ફરવા લાગે છે અને સતત ફરતં જ રહે છે. એવી જ દશા સાધક મોમિનના હૃદયમાં ચાલતા સતત ઝિક્ર (અજપા જાપ)ની હોય છે કેમકે તે ઇચ્છાઓના આકાર વિકારની મનોમય ભૂમિકાથી બહાર નીકળીને નુરે ઇમામતના મુક્ત ગગનમાં પહોંચી ગયું હોય છે.

કોઇ એવો સવાલ કરે કે નુરનું એક નામ ઝિક્ર પણ છે એ તો માની લીધું પણ નુરનો અર્થ કુર્આન કેવી રીતે છે? તો નુરનો અર્થમાં કુર્આન એ રીતે છે કે ઝિક્ર પોતે જ કુર્આનનો આત્મા છે; મતલબ કે નુર, ઝિક્ર, અને કુર્આન તો એક જ મહાન વસ્તુનાં જુદાં જુદાં નામ છે જેની સાબિતી કુર્આનના આ શબ્દોથી મળે છે કે

"અને અમે કુર્આનને ઝિક્ર માટે સરળ કરી દીધું—તો કોઇ છે કે જે ઝિક્ર કરે?" (૫૪/૨૨)

આનો ભાવાર્થ એ છે કે કુર્આનમાં જે ચૈતન્ય, પ્રાણ સ્વરૂપ ધબકી રહેલ છે એ અલ્લાહ તઆલાનું મહાન નામ (ઇસ્મે આઝમ) છે જે ઇમામે ઝમાન અલયહિસ્સલામનું નુર છે. હુઝૂરે અકરમ સલ્અમ નબુવ્વત પહેલાં એ જ મહિમાવંત નામનું રટણ કરતા રહેતા હતા અને તેમાંથી કુર્આને પાક પ્રગટ થયું. એમ સમજો કે એ અતિ મહિમાવંત ઇસ્મેઆઝમ જ કુર્આન રૂપી મહાન નુરાની વૃક્ષનું બીજ છે. કુર્આને પાકની સમસ્ત નુરાનિયત અને રૂહાનિયત એ જ મહાન ઇસ્મ (નામ) માં મૌજુદ છે.

નુરનાં અનેક નામોમાંથી એક નામ ઝિક્ર પણ છે તે પરત્વે વધુ સ્પષ્ટતા સુરહ તલાકની ૧૦ મી અને ૧૧મી આયતમાં આ પ્રમાણે છે કે;

ખચિત અલ્લાહ તઆલાએ તમારી તરફ એક ઝિક્ર નાઝિલ કરેલ છે. એક એવો રસૂલ જે તમારી સમક્ષ સ્પષ્ટ આયતો (નિશાનીઓ) નું વર્ણન કરે છે કે જેથી ઇમાન લાવનારાઓ અને નેક સદાચારી લોકોને અંધકારમાંથી પ્રકાશ (નૂર) તરફ દોરી જાય.

આ પવિત્ર આયતનો જાહેરી અર્થ એ છે કે ખુદાવંદે આલમે ઇસ્લામની દુનિયામાં એક જીવંત અને સાકાર ઝિક્ર નાઝિલ કર્યું કે જેમાં ઝિક્રના બધા જ અર્થો તથા ભાવાર્થો મૌજુદ છે અને તે રસૂલે મકબૂલ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમ હતા.

આની તાવીલ યાને તત્વાર્થ એ છે કે હકીકતી મોમિનો અને સાધકોનાં પવિત્ર શુધ્ધાતમ હૃદયોમાં ઇસ્મે આઝમનું રટણ જાગૃત કરી દેવામાં આવ્યું જેમાં રહેમતુલિલ આલમીન (સલ્અમ) તથા ઇમામે મુબીન અલયહિસ્સલામનું સંયુક્ત નૂર (નૂરે વાહિદ)

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

મૌજુદ છે, જે હમેશા રૂહાનિયત હિદાયત, તથા ઇલ્મ અને હિકમતથી ભરપુર પ્રગટ આયતો વર્ણવે છે અને મોમિનો તથા સદાચારીઓને અજ્ઞાનના તીમીરમાંથી, પોતાની ઝાતના પ્રકાશવંત પરિચયની પરાકાષ્ટા પર પહોંચાડી દે છે.

## નૂર અને રૂહાનિયત

સૂરહ તહરીમની બીજી રૂકુઅ (યાને ૬૬/૮) માં ઇર્શાદ છે કે હે ઇમાનવાળાઓ, તમે અલ્લાહ સમક્ષ નિષ્ઠાપુર્વક તૌબા કરો; શકય છે કે (એનાથી) અલ્લાહ તમારામાંથી બુરાઇઓ દૂર કરી દે અને તમોને એવા બાગ બગીચામાં દાખલ કરી દયે જેમની નીચે નહેરો વહી રહી છે. તે દિવસે અલ્લાહ નબી (સલ્અમ) ને અને તેમના અનુયાયી મોમિનો, જે તેમની સાથે છે તેઓને શરમીંદા નહિ કરે તેમનું નૂર તેઓની જમણી તરફ અને સામે પણ આવ-જા કરતું હશે. તેઓ કહેશે કે હે અમારા રબ, અમારે માટે અમારા આ નૂરને પરિપુર્ણ કરી દે ને અમને માફ કરી દે બેશક તું વસ્તુમાત્ર પર કુદરત ધરાવનાર છે."

આ અતિ પવિત્ર આયતની હિકમત (તત્વબોધ) એ છે કે સામાન્ય રીતે બધા મુસલમાનો અને ખાસ કરીને નબવી યુગના મુસલમાનોને ફરમાવવામાં આવ્યું કે તેઓ પોતાના ગુનાહની તૌબા કરે અર્થાત કે સાચા હૃદયથી પશ્ચાતાપ કરે યાને કે જાહેરી તેમજ બાતિની ગુનાહોનો ત્યાગ કરી આંતરબાહ્ય શુધ્ધ થઇ જાય.

એ પછીનાં વાકયોમાં નૂરાની તથા રૂહાની દોરની ક્રાન્તિની આગમવાણી છે. રૂહાની દોર વિષે જાણવું જરૂરી છે કે તેનાં બે પ્રકાર હોય છે જેમાંનો એક તો બાતિની રીતે

હમેશા ચાલુ જ રહે છે અને બીજો પ્રકાર તે અમુક ચોક્કસ સમયે જાહેર થાય અને દુનિયાને પ્રભાવિત કરે છે.

હવે આ કુર્આને હકીમની હિકમતનો એ સિધ્ધાંત નોંધ પાત્ર છે કે તેમાં જ્યાં પણ દુનિયાવાળાઓની સામુદાયક સ્થિતિ પરત્વે કોઇ આગમવાણી કહેવામાં આવી છે તો તેમાં લોકોની વ્યક્તિગત હાલતની પણ ભવિષ્યવાણી છુપાયેલી હોય છે. દા.ત. જે આયતે કરીમામાં એવી કયામતનો ઉલ્લેખ છે જે મોત પછી આવનારી છે, તેમાં માનવીની વ્યક્તિગત કયામતોનું પણ વર્ણન મોજુદ છે.

તો શુધ્ધ અને સાચી તૌબાના હુકમ પછી ફરમાવવામાં આવ્યું કે તમારો પરવરદિગાર તમારા પરથી બુરાઇઓ દૂર કરી દેશે. તેનો ભાવાર્થ એ છે કે નાફરમાનીઓ અને ગુનાહોથી તૌબા કરી લીધા પછી પણ મોમિનોમાં કોઇ એવી બુરાઇઓ રહી જવા પામે છે કે જેને એ પોતે દૂર નથી કરી શકતા. બીજું એ કે શુધ્ધ અને ખરા અંતઃકરણ પૂર્વકની તૌબા પછી ઇમામે વકત અલયહિસ્સલામના વસીલાથી અલ્લાહતઆલાની રહેમતનો દરવાજો ખુલી જવાની આશા રહે છે.

અહિં એક બીજો સવાલ એ ઊભો થાય છે કે એ કઇ જાતની બુરાઇઓ છે જે તૌબા કર્યા પછી પણ મોમનના અંતરપટ પરથી દૂર નથી થઇ શકતી? તો એનો જવાબ એ છે કે આત્યંતિક તૌબા કરી લીધા પછી મનોવિકારનું જોર અલબત ઓછું થઇ જાય છે પરંતુ મઝહબને વિષેના ખોટા ખ્યાલો તથા ખોટી માન્યતાઓ દૂર કરવા માટે માત્ર તૌબા પૂરતી નથી બલ્કે તેની સાથે હિદાયત તથા તૌહીદ વિષેની સાચી સમજ પણ જરૂરી છે, જે ઇમામે ઝમાન અલયહિસ્સલામના વસીલાથી પ્રાપ્ત થઇ શકે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

એ પછી ઇર્શાદ છે કે... "અને તમને એવા બાગબગીચામાં દાખલ કરી દેશે જેની નીચે નહેરો વહે છે." આ રૂહાનિયતના સ્વર્ગના એ ઉદ્યાનોનું વર્ણન છે જેમનો સંબંધ માત્ર માણસના મરણ પછીના જીવન સાથે જ નથી, બલ્કે આ જ જીંદગીની રૂહાનિયતમાં પણ અમુક અંશે તેની અનુભુતી કરી શકાય છે. જેમાં ઇન્સાની અકલ તથા ચૈતન્યને માટે દરેક જાતની ન્યામતો તથા સ્વાદ સમાયેલા છે, એવા બાગબગીચાની નીચે ખુદાવંદી રહેમત તથા સહાયની નહેરો વહેતી હોય છે યાને એવા રૂહાની દરજ્જાઓમાં અકલેકુલ્લની ગેબી સહાય, નફ્સેકુલ્લની સૃષ્ટિ, નાતિકની તન્ઝીલ અને અસાસની તાવીલની શક્તિના પ્રવાહો વહી રહ્યા હોય છે.

પછી ઇર્શાદ થાય છે કે; "તે દિવસે અલ્લાહ તઆલા નબી (સલ્અમ) ને અને જે મોમિનો ફરમાન બરદારીની રૂએ તેમની સાથે છે. તેમને શરમિંદા થવા નહિ દયે." આ વાતો રૂહાની દોર સંબંધે છે. રૂહાની દોર (યુગ) દુનિયામાં પણ છે અને આખેરતમાં પણ. સમય પાકયા પહેલાં વ્યક્તિગત રીતે પણ છે અને સમય આવતાં સામુદાયિક હાલતમાં પણ છે. એવા જમાનામાં ખુદા તઆલા પયગમ્બર (સલ્અમ) તથા તેમના સાચા અનુયાયીઓને શર્મિંદા નહિ કરે, જેઓ તાબેદારી મોહબ્બત અને રૂહાનિયતની રૂએ અને નૂરે ઇમામતના જોડાણની રૂએ (કેમ કે ઇમામનું નૂર પયગમ્બરનું જ નૂર છે. એ દ્રષ્ટિએ) પયગમ્બરની સાથે જ છે.

એવા મોમિનોનું નૂર તેમની જમણી બાજુ અને તેમની આગળ આગળ અવર જવર કરતું હશે—યાને એવા જમાનામાં, નૂરે ઇમામત જે ઇમામનું નૂર પણ છે તે મોમિનોની જમણી તરફ અને તેમની પેશાનીમાં ઝળહળતું રહેશે જેમાં તેઓની દુન્યવી

તથા આખરતને લગતી હિદાયત તથા ઇલ્મ અને હિકમત હશે. કેમકે તાવીલની ભાષામાં જમણી બાજુનો ભાવાર્થ જાહેરી છે યાને દુનિયાને લગતી બાબતો—અને આગળનો મતલબ આખેરત છે કેમ કે તે ભાવી વસ્તુ છે.

(એ મોમિનો) કહેશે કે "હે અમારા રબ, અમારે માટે અમારા આ નૂરને પરિપૂર્ણ કરી દે અને (અમારા ગુના) માફ કરી દે," યાને એ વખતે મોમિનોને એવું લાગશે કે તેઓ અલ્પજ્ઞતા તથા મોહતાજીને કારણે આ પહેલાં ખુદાની એ અપરંપાર રેહમતથી ગાફલ હતા તેથી તેઓ એવી દુઆ કરશે કે હે અમારા પરવર દિગાર અમારા આ નૂરને પરિપૂર્ણતાને દરજ્જે પહોંચાડી દે, યાને અમારી વ્યક્તિગત રૂહાનિયતને નૂરના અસલમાં વાસલ કરી દે ને અમે જે તારી સ્થાનિક રહેમતથી અત્યાર સુધી ગાફલ રહ્યા તે બદલ તું અમને માફ કરી દે, ને અમારા હવે પછીના ગુના પણ બખ્શી દે.

"બેશક તું વસ્તુ માત્ર પર કુદરત ધરાવનાર છે" તેનો અર્થ એ કે જ્યારે મોમિનો રૂહાની દોરમાં અલ્લાહ જલ્લ શાનહુના અસંખ્ય મોજિઝા અને અનંત કુદરતની અનુભુતી કરશે—તો એ વખતે વાણી વર્તન દ્વારા બોલી ઉઠશે કે (યા મૌલા!) તું વસ્તુમાત્ર પર સંપૂર્ણ કુદરત ધરાવનાર ધણી છે ને તારી કુદરતમાં કોઇ ચીજ અશક્ય નથી".

## સૂરજ અને ચંદ્ર

કુર્આને હકીમની ૧૦/૫, ૨૫/૬૧ અને ૭૧/૧૬ માં સૂર્ય અને ચંદ્રના પ્રકાશનું વર્ણન એવી રીતે એકત્ર કરવામાં આવ્યું

છે કે સૂરજ આ દુનિયા માટે જાહેરી અને ભૌતિક પ્રકાશનું મૂળ મંડાણ છે અને ચંદ્ર તેના પ્રતિબિંબ રૂપ છે.

આ હિકમતસભર આયતો એક જ વિષય અર્થાત નૂરના મહિમા સંબંધે છે જેના પર વધુ અભ્યાસ તથા ચિંતન મનન કરવાથી ઘણાં બધાં રહસ્યોનો સ્ફોટ થાય છે જેમાં નૂરના મઝહર તથા નૂરની હકીકત ઉપરાંત તૌહીદનાં બીજા અત્યંત ઉચ્ચ રહસ્યો, સમજવામાં સરળતા થઇ પડે છે.

તો સૂરહ નૂહની પંદરમી અને સોળમી આયતમાં બારી તઆલાનો ઇર્શાદ છે કે "શું તમે નથી જોયું કે ખુદાએ સાત આસમાન કેવી રીતે ઉપર નીચે બનાવ્યાં અને ચંદ્રને નૂર તરીકે સ્થાપિત કરેલ છે અને સૂરજને દીપક બનાવ્યો છે.

જાણવું જોઇએ કે કુર્આનની હિકમતના સિદ્ધાંતોમાંનો એક સિધ્ધાંત એ પણ છે કે કોઇ પણ તત્વરૂપી જ્ઞાનની અનુભુતિ માત્ર તેના વિવિધ પાસાંઓ ઉપરથી જ નથી કરવામાં આવતી બલ્કે દરેક પાસાંઓનું નિરીક્ષણ પણ વિધવિધ દ્રષ્ટિકોણ ઉપરથી કરી જોવું જોઇએ.

તો કુર્આને હકીમની આ આયાતે કરીમા જેમાં સૂરજ ચંદ્ર અને તેના પ્રકાશનું વર્ણન છે તેમાં સૂરજને ચિરાગની ઉપમા આપવામાં આવી છે તો ક્યારેક વળી કહેવાયું કે સૂરજ જાણે ચિરાગનું પાત્ર છે અને ચંદ્ર તેનું નૂર યાને જ્યોતિ છે.

આ ઉપરથી હકીકતી મોમિનોએ સમજવું જોઇએ કે નૂરની આ બધી ઉપમાઓનો ભાવાર્થ છે કે કુર્આને પાકમાં જ્યાં સૂરજને એવા ફાનસની ઉપમા અપાઇ છે કે જેને પ્રકાશિત કરવા માટે તેલની જરૂર હોય છે તેમાં "હમાઓસ્ત" (બધું એ જ છે) ની

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

માન્યતા તરફ ઇશારો છે કે જેવી રીતે સૃષ્ટિનાં અણુએ અણુ અનુક્રમે સૂરજનું પ્રતિબિંબ ઝીલે છે એવી જ રીતે દરેક વસ્તુનું ચેતન્ય જ્યારે ખુદાની ઝાતમાં સમાઇ જાય છે તો તે એની જ સિફાતની રોશની બની જાય છે.

જ્યાં ઇર્શાદ થયો છે કે સૂરજ એક એવો રોશન ચિરાગ છે જે જગતમાં પ્રકાશ પ્રસરાવે છે તો તેનો અર્થ "હમા અઝ ઉસ્ત" (બધું તે—અલ્લાહથી જ છે) અને એકતત્વનું પ્રતિપાદન કરે છે કેમકે દરેક ચીજનું ભૌતિક અસ્તિત્વ સૂરજથી બને છે એ જ રીતે વસ્તમાત્રની રૂહાની હસ્તી ખુદાથી છે અને જ્યાં સૂરજને ચિરાગ અને ચંદ્રને જ્યોતિની ઉપમા અપાઇ છે તો તેની પશ્ચાદભુમિકામાં રાતનો ઇશારો છે. જેનો અર્થ એ થયો કે અલ્લાહતઆલા અને તેના રસૂલે બરહક (સલ્અમ)નું ત્રિગુણાતીત નૂર હઝરત મૌલાના ઇમામે ઝમાન અલયહિસ્સલામ દ્વારા જાહેર થાય છે કેમકે એ જ ઇન્સાને કામિલ છે યાને ખુદાના મઝહર છે.

પ્રકાશ સીધેસીધો સૂરજનો હોય અથવા આડકતરી રીતે ચંદ્રનો તે દરેક રીતે એક જ પ્રકાશ છે. તેમાં જરાય દ્વૈત નથી. અલબત પ્રકાશના પ્રમાણમાં તફાવત જરૂર છે. રાતના જે ચંદની ચાંદની જમીન પર ફેલાય છે તે પેણ સૂરજની જ રોશની છે પરંતુ તે ચંદ્ર પરથી પરાવર્ત થઇને પૃથ્વી પર આવે છે તેથી સૂરજના પ્રકાશની પેઠે તેનાં કિરણો તાતાં નથી હોતાં જેથી રાતના આપણે એટલો વખત સૂરજથી દૂર થઇ જઇએ છીએ, બલ્કે ચંદ્ર પણ આપણાથી દૂર રહી જાય છે. પણ જો કોઇ રીતે આપણે એ વખતે ચંદ્રની સપાટી પર પહોંચી જઇએ; તો ત્યાં એ વખતે રાત્રી કે અંધારૂં હશે જ નહિ. ત્યાંથી તો આપણને સીધો સૂરજ નજરે પડશે.

આ દૃષ્ટાંતની તાવીલ એ છે કે જે માણસ ઇમામે ઝમાનને માટે ઇકરાર કરે તેને માટે ઇમામ અલયહિસ્સલામ ચંદ્ર છે અને એ મૌલાની પવિત્ર હિદાયત એ ચંદ્રની ચાંદની છે. એવા મોમિન જ્યારે મારિફતની મંઝિલો પસાર કરીને ઇમામ અલયહિસ્સલામની પવિત્ર ઝાત સુધી પહોંચી જાય તો એ વખતે તેને એ મૌલાની હિદાયત, ખુદા અને રસૂલ (સલ્અમ) ની હિદાયત તરીકે માલુમ પડશે—જેવી રીતે ચંદ્રના પ્રકાશમાં ચંદ્ર પર પહોંચી જવાની સાથો સાથ એ ચાંદની સૂર્ય કિરણોમાં ફેરવાઇ જાય છે એવી જ આ કૃતિ છે.

—: ० :—

Institute for Spiritual Wisdom and Luminous Science

## અમારાં પ્રકાશનો

હકીકી દીદાર

આઠ સવાલના જવાબ

## આગામી પ્રકાશનો

ઇમામની ઓળખ ભાગ ૧-૨-૩

હકીકતનાં ફુલ ભાગ ૧-૨

ઝિક્રે ઇલાહી ભાગ ૧-૨

ખાનએ હિકમત, ૨-રહીમ કોર્ટ
૩૧૨, ગાર્ડન વેસ્ટ, કરાચી.